RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 283* Date: 9.08.2022, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### હવે બિહારમાં રાજકીય ઉથલપાથલ,ભાજપ જદયુ ગઠબંધન તૂટી શકે છે !


## તેજસ્વી યાદવ નીતિશ કુમારને મુખ્યમંત્રી બનાવવા માટે રાજી થઈ ગયા,તેજસ્વી ઉપમુખ્યમંત્રીની ખુરશી સંભાળશે

પટણા,તા.૮

બિહારમાં ભાજપ અને જદયુ ગઠબંધનમાં ભારે તિરાડ જોવા મળી રહી છે અને જદયુ ભાજપ સાથે છેડો ફાડી શકે છે અને રાજદ સાથે નવું ગઠબંધન કરી શકે છે બિહારના રાજકારણ માટે આગામી ૪૮ કલાક મહત્વના છે. મુખ્યમંત્રી નીતિશકુમાર એકવાર ફરીથી પલટી મારીને મહાગઠબંધનના સાથી બની શકે છે. સૂત્રોના હવાલે જાણવા મળ્યું છે કે પ્રદેશમાં ઝડપથી ઘટનાક્રમ બદલાઈ રહ્યો છે.જણાવવામાં આવી રહ્યું છે કે નીતીશકુમારે કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધી સાથે ફોન પર વાતચીત કરી છે કોંગ્રેસના બિહાર પ્રભારી પટણા રવાના થઈ ચૂક્યા છે જેડીયુએ પોતાના તમામ સાંસદોને સોમવારે સાંજ સુધીમાં પટણા આવી જવા કહ્યું છે. જ્યારે કોંગ્રેસે મંગળવારે વિધાયક દળની બેઠક બોલાવી છે. બીજી બાજુ આરજેડીએ પોતાના તમામ વિધાયકોને આગામી ૩-૪ દિવસ સુધી પટણામાં રહેવાનો આદેશ આપ્યો છે. મંગળવારે સાંજે ૬ વાગે આરજેડીએ ૧૦ સર્ક્યુલર રોડ એટલે કે રાબડીદેવીના ઘરે વિધાયક દળની બેઠક બોલાવી છે. એવું કહેવાય છે કે આ બેઠકમાં બિહારના બદલાતા રાજકીય હાલાત પર ચર્ચા થઈ શકે છે. અત્રે જણાવવાનું કે વર્ષ ૨૦૧૭માં મહાગઠબંધનથી અલગ થઈને જેડીયુ એનડીએમાં જોડાયું હતું. વર્ષ ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણી દરમિયાન મહાગઠબંધન બન્યું હતું. ત્યારે જેડીયુએ તેમની સાથે સરકાર બનાવી હતી.

આ અગાઉ રવિવારે જેડીયુએ કહ્યું હતું કે તેમણે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારમાં સામેલ ન થવાનો નિર્ણય લીધો છે. વાત જાણે એમ છે કે જેડીયુએ બે મંત્રીપદના માગણી કરી હતી જેને ભાજપે ફગાવી દીધી. જો કે તેમણે એ પણ કહ્યું હતું કે આ નિર્ણય બિહારમાં ભાજપ સાથેના ગઠબંધનને પ્રભાવિત નહીં કરે.

રાજ્યના શિક્ષણ મંત્રી અને જેડીયુ નેતા વિજયકુમાર ચૌધરીએ કહ્યું કે અમે નરેન્દ્ર મોદી કેબિનેટમાં સામેલ થશું નહીં. જેડીયુને ભાજપ પાસેથી સન્માનની આશા હતી પરંતુ એવું થયું નહીં. આથી અમે નરેન્દ્ર મોદી સરકારમાં સામેલ ન થવાનો નિર્ણય લીધો છે. જો કે તેમણે એમ પણ કહ્યું હતું કે આ નિર્ણય બિહારમાં ભાજપ સાથે ગઠબંધનને પ્રભાવિત કરશે નહીં. ચૌધરીનું આ નિવેદન બિહારમાં જેડીયુ અને ભાજપ વચ્ચે ખટાશના સંકેત છે અને આ જ કારણ બની શકે છે કે મુખ્યમંત્રી નીતિશકુાર ભાજપ સાથે અંતર જાળવી રહ્યા છે. તેમણે દિલ્હીમાં પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં નીતિ આયોગની બેઠકમાં પણ ભાગ લીધો નહતો.

બિહારમાં નવી સરકારની રૂપરેખા નક્કી કરવામાં આવી છે. આ વખતે બંને પક્ષના ટોચના નેતાઓ જ વાત કરી રહ્યા છે. આ બેઠક કે વાતચીતમાં અન્ય નેતાઓની હાજરી જોવા મળી નથી. આરજેડીના સૂત્રોના જણાવ્યા અનુસાર તેજસ્વી નીતીશ કુમારને મુખ્યમંત્રી બનાવવા માટે રાજી થઈ ગયા છે. આરજેડી નેતા તેજસ્વી પોતે નાયબ મુખ્યમંત્રી સિવાય ગૃહ વિભાગને પોતાની પાસે રાખશે. એટલું જ નહીં, એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે ગૃહમાં રાજદ પાસે સ્પીકર પણ હશે. નવી સરકારની રૂપરેખા લગભગ નક્કી થઈ ગઈ છે. આરજેડીમાં આ વખતે તેજસ્વી યાદવ આ આદેશને સીધો સંભાળી રહ્યા છે અને લાલુ પ્રસાદનો સમય સમય પર સંપર્ક કરવામાં આવી રહ્યો છે. આરજેડીના અન્ય મોટા નેતાઓ પરોક્ષ રીતે નજર રાખી રહ્યા છે પરંતુ તેમને બિહારમાં ચાલી રહેલી રાજકીય ગતિવિધિઓથી પણ દૂર રાખવામાં આવી રહ્યા છે.

નીતિશ કુમાર હંમેશા ગૃહ વિભાગ પોતાની પાસે રાખતા આવ્યા છે, પરંતુ આ વખતે સરકાર રચવાની શરતોમાં એ પણ સામેલ છે કે માત્ર આરજેડી નેતા તેજસ્વી યાદવ જ ગૃહ વિભાગ સંભાળશે. આટલું જ નહીં નવી સરકાર બન્યા બાદ સ્પીકરનું પદ આરજેડીના ભાગમાં જશે. દેખીતી રીતે, સીએમ પદ આપવાના બદલામાં, આરજેડી બે મોટા હોદ્દા પોતાના પક્ષમાં રાખી રહી છે જેથી નવી સરકારમાં તેનો હિસ્સો મહત્વપૂર્ણ રહે. નીતિશે માત્ર મુદ્દાઓ પર જ નહીં પરંતુ અનેક પ્રસંગોએ ભાજપથી અંતર રાખવાનું શરૂ કર્યું હતું. લગભગ એક મહિના પહેલા નીતિશ કુમાર ૫૦ મિનિટથી વધુ સમય માટે એકલા જ જાતિ ગણતરીના મુદ્દે તેજસ્વીને મળ્યા હતા.

કહેવાય છે કે જાતિ ગણતરી એક માત્ર હથિયાર છે જેની મદદથી તદ્ઘં અને ઈતદ્ઘ મળીને આવનારા સમયમાં ભાજપને મજબૂતીથી ઘેરવાનો પ્રયાસ કરશે. જેડીયુ પહેલાથી જ ઘણા પ્રસંગોએ ભાજપથી દૂર રહેવાની તૈયારી કરતી જોવા મળી છે. અગ્નિવીરના મુદ્દે તદ્ઘંએ ઈતદ્ઘએ કેન્દ્ર સરકાર પાસેથી અગ્નિવીર યોજનાની સમીક્ષાની માગ કરી. આટલું જ નહીં વસ્તી નિયંત્રણ કાયદા પર નીતિશ કુમારના શબ્દો ભાજપની લાઈન સિવાય સ્પષ્ટ રીતે સાંભળવા મળ્યા. ગઈકાલે એટલે કે રવિવારે જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહે મોંઘવારી પર કેન્દ્ર સરકાર વિરુદ્ધ બોલ્યા અને આરજેડીની લાઈનમાં નિવેદન આપ્યું, જેનાથી સ્પષ્ટ થઈ ગયું કે આગામી દિવસોમાં જેડીયુનો રાજકીય ઝોક ક્યાં જઈ રહ્યો છે.

## ખાટુ શ્યામજી મંદિરમાં ભાગદોડ મચી, ૩ શ્રદ્ધાળુઓના મોત, અનેક ઘાયલક્ષ્

સીકર,તા.૮

રાજસ્થાનના સીકર જિલ્લામાં પ્રસિદ્ધ ખાટુ શ્યામજી મંદિરમાં સવાર સવારમાં મંદિરના કપાટ ખુલતા જ ભાગદોડ મચી ગઈ. આ ભાગદોડમાં ૩ શ્રદ્ધાળુઓના જીવ ગયા જ્યારે કેટલાક લોકો ઘાયલ થયા. ઘટનાસ્થળે હાજર પોલીસકર્મીઓ અને મંદિર કમિટીના ગાર્ડ્સે વ્યવસ્થા સંભાળી અને તમામ ઘાયલોને હોસ્પિટલમાં ખસેડ્યા. હાલ ખાટુશ્યામજી પોલીસ મથક સમગ્ર મામલે તપાસમાં લાગી છે. એવું કહેવાય છે કે સવારે ૫ વાગે મંદિરના કપાટ ખુલતા જ ભીડનું દબાણ વધવાના કારણે ભાગદોડ મચી ગઈ. આ દરમિયાન અનેક મહિલા અને પુરુષ શ્રદ્ધાળુઓ પડી ગયા અને તેમને ઉઠવાની તક જ ન મળી. અફડાતફડીમાં ભીડને માંડ કંટ્રોલ કરાઈ અને સુરક્ષા વ્યવસ્થામાં લાગેલા કર્મચારીઓએ મોરચો સંભાળતા ઘાયલોને હોસ્પિટલ ખસેડ્યા, જ્યાં ૩ મહિલાઓએ દમ તોડ્યો.

આ બાજુ સૂચના મળતા જ પોલીસ અને પ્રશાસનની ટીમો ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે મૃતકોમાં સામેલ એક મહિલાની ઓળખ થઈ ચૂકી છે. હાલ મામલાની આગળના કાર્યવાહી ચાલુ છે. અત્રે જણાવવાનું કે કોરોનાકાળ બાદ ખાટુશ્યામમાં દર મહિને લાગતા માસિક મેળામાં પણ શ્રદ્ધાળુઓની સંખ્યા લાખોમાં રહે છે. પરંતુ મંદિરનું ક્ષેત્રફળ ઓછું હોવાના કારણે અને સારી રીતે દર્શનની સુવિધા ન હોવાથી અહીં આ પ્રકારની ઘટનાઓ ઘટતી રહે છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૬,૧૬૭ નવા કેસ

નવીદિલ્હી,તા.૮

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૧૬,૧૬૭ નવા કેસ નોંધાયા છે. સક્રિય કોવિડ કેસ ૧,૩૪,૯૩૩ થી વધીને ૧,૩૫,૫૧૦ થઈ ગયા છે. રાહતની વાત એ છે કે, ગઈકાલની સરખામણીમાં આજે કુલ કેસ લગભગ ૨ હજાર ઓછા છે. રવિવારે છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમિતના ૧૮,૭૩૮ કેસ નોંધાયા છે. જ્યારે આજે ૧૬ હજાર કેસ સામે આવ્યા છે. તેમાંથી પ્રથમ એટલે કે શનિવારે, ઓગસ્ટના રોજ દેશમાં ૧૯,૪૦૬ નવા કેસ નોંધાયા હતા.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, નવા આંકડા સાથે હવે દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા વધીને ૧,૩૫,૫૧૦ થઈ ગઈ છે. જ્યારે અત્યાર સુધીમાં આ રોગમાંથી સાજા થયેલા લોકોની સંખ્યા ૪૩૪૯૯૬૫૯ થઈ ગઈ છે.

દેશના ઘણા રાજ્યોમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. છત્તીસગઢમાં ફરી એકવાર કોરોનાનો ફેલાવો શરૂ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં છત્તીસગઢમાં કોરોનાના ૨૧૩ નવા કેસ સામે આવ્યા છે, નવા કેસ સાથે સંક્રમિતોની સંખ્યા ૧૧,૬૯,૧૪૩ થઈ ગઈ છે. જ્યારે મૃત્યુઆંક એકથી વધીને ૧૪,૦૮૦ થયો છે.

દેશની રાજધાની દિલ્હીમાં પણ કોવિડ પોઝીટીવીટી દર દરેક પસાર થતા દિવસે વધી રહ્યો છે. ૭ ઓગસ્ટ, રવિવારના રોજ અહીં જાહેર થયેલા રિપોર્ટ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૨૪૨૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે બે લોકોના મોત થયા હતા. જણાવી દઈએ કે, આ વર્ષે ફેબ્રુઆરી પછી પહેલીવાર નવા કેસની સાથે દિલ્હીમાં સંક્રમણના ફેલાવાનો દર વધી રહ્યો છે.

### ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ ફેરવેલ સ્પીચમાં ભાવુક થયા

## હું રાજ્યસભા સાંસદોને શાલીનતા, ગરિમા અને મર્યાદા બનાવી રાખવાની અપીલ કરૂ છું

નવીદિલ્હી,તા.૮

રાજ્યસભાના સાંસદોએ સોમવારે સભાપતિ અને ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડૂને વિદાય આપી. વેંકૈયા નાયડૂનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટે સમાપ્ત થઈ રહ્યો છે. આ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ ફેરવેલ સ્પીચ આપતા ભાવુક થઈ ગયા હતા. વેંકૈયા નાયડૂએ કહ્યુ કે, જ્યારે મને પાર્ટી છોડી ઉપરાષ્ટ્રપતિની જવાબદારી આપવામાં આવી તો તે મારા માટે ભાવુક ક્ષણ હતી. જે દિવસે પ્રધાનમંત્રીએ મને જણાવ્યું કે મારે ભારતના ઉપરાષ્ટ્રપતિ બનવાનું છે, ત્યારે મારી આંખમાં આંસુ હતા.

તેમણે કહ્યું કે મેં આ પદ માટે કહ્યું નહોતું. પાર્ટીએ જનાદેશ આપ્યો હતો, મેં તેના માટે બાધ્ય થઈને રાજીનામું આપવું પડ્યું. તે સમયે આંખોમાં આંસુ હતા કારણ કે મારે પાર્ટી છોડવી પડી. રાજ્યસભાના સભાપતિએ આગળ કહ્યુ કે આપણી એટલે કે ઉપલા ગૃહની મોટી જવાબદારી છે. આખી દુનિયા ભારતને જોઈ રહી છે, ભારત આગળ વધી રહ્યું છે. હું રાજ્યસભા સાંસદોને શાલીનતા, ગરિમા અને મર્યાદા બનાવી રાખવાની અપીલ કરૂ છું જેથી ગૃહની છબિ અને સન્માન બન્યું રહે. હું બધી પાર્ટીઓને કહીશ કે લોકતંત્રનું સન્માન કરે. આ પહેલા દિવસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વિપક્ષ નેતા મલ્લિકાર્જુન ખડગે અને અન્ય સાંસદોએ વર્તમાન ઉપરાષ્ટ્રપતિને વિદાય આપી. પીએમ મોદીએ ગૃહની ઉત્પાદકતા વધારવા અને માતૃભાષાઓના ઉપયોગને પ્રોત્સાહિત કરવા માટે વેંકૈયા નાયડૂની પ્રશંસા કરી હતી. પીએમ મોદીએ કહ્યુ કે તમે (નાયડૂ) હંમેશા કહ્યું છે કે તમે રાજનીતિમાંથી સંન્યાસ લઈ ચુક્યા છો પરંતુ જાહેર જીવનથી થાક્યા નથી. તમારો કાર્યકાળ ભલે સમાપ્ત થઈ રહ્યો હોય, પરંતુ તમારો અનુભવ આવનારા વર્ષો સુધી દેશનું માર્ગદર્શન કરતો રહેશે.

પીએમ મોદીએ કહ્યુ કે તમારા વન લાઈનર બાદ કંઈ કરવાની જરૂર રહેતી નથી. તમારો દરેક શબ્દ સાંભળવામાં આવે છે, પસંદ કરવામાં આવે છે, સન્માનિત કરવામાં આવે છે અને ક્યારેય કાઉન્ટર કરવામાં આવતો નથી. નોંધનીય છે કે એનડીએના ઉમેદવાર જગદીપ ધનખડે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી જીતી છે. તેમણે વિપક્ષના ઉમેદવાર માર્ગરેટ અલ્વાને હરાવ્યા હતા. નવા ઉપરાષ્ટ્રપતિનો શપથ ગ્રહણ સમારોહ ૧૧ ઓગસ્ટે યોજાશે.

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સ્પીકર એમ. વેંકૈયા નાયડુને સોમવારે રાજ્યસભામાં વિદાય આપવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને તમામ નેતાઓએ વિદાઈ ભાષણ આપ્યું હતું.ટીએમસી સાંસદ ડેરેક ઓ‘બ્રાયને જ્યારે ત્યાં સ્પીચ આપી તો વેંકૈયા ભાવુક થઈ ગયા હતા અને પોતાનાં આંસુને લૂંછવા લાગ્યા હતા. ડેરેક ઓ‘બ્રાયને વેંકૈયા નાયડુને બાળપણની કહાની સંભળાવી હતી. તેમણે કહ્યું હતું કે જ્યારે નાયડુ માત્ર એક વર્ષના હતા ત્યારે તેમની માતાનું મૃત્યુ થયું હતું. ગામમાં એક પરિવાર હતો, જેની પાસે ૮ બળદ હતા. એક દિવસ આ પૈકીનો એક ભડક્યો અને મહિલાના પેટમાં શિંગડાં વડે હુમલો કર્યો હતો. તેના ખોળામાં એક વર્ષનું બાળક હતું. તેને છોડીને મહિલાને હોસ્પિટલમાં લઈ જવામાં આવી, પરંતુ તેનું મૃત્યુ થયું. તે બાળક વેંકૈયા નાયડુ હતા.

વડાપ્રધાન મોદીએ કહ્યું, આજે સંસદમાં સ્પીકર, રાષ્ટ્રપતિ એવા જ લોકો છે, જે આઝાદ ભારતમાં જન્મ્યા છે. તમામ સામાન્ય ફેમિલીમાંથી આવે છે. આ દેશમાં નવા યુગનું પ્રતીક છે. નાયડુ દેશના એવા ઉપ-રાષ્ટ્રપતિ છે, જેમણે પોતાની ભૂમિના દરેક યુવાઓ માટે કામ કર્યું છે. સંસદમાં પણ યુવા સાંસદોને આગળ વધાર્યા છે. યુવાઓના સંવાદ માટે યુનિવર્સિટીઝ અને ઈન્સ્ટિટ્યૂટ્સ સતત જતા રહ્યા છે. તેમનું નવી પેઢી સાથે સતત કનેક્શન રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું, મને કહેવામાં આવ્યું કે ઉપ-રાષ્ટ્રપતિ તરીકે તમે જે ભાષણ આપ્યા એમાંથી ૨૫ ટકા યુવાઓ પર હતા. વ્યક્તિગત રીતે મારું એ સૌભાગ્ય રહ્યું છે કે મેં તમને અલગ-અલગ ભૂમિકાઓમાં જોયા છે. ઘણાબધા પ્રસંગોમાં ખભેખભા મિલાવીને કામ કરવાની તક મળી હતી. કાર્યકર્તા, ધારાસભ્ય, સાંસદ, ભાજપ-અધ્યક્ષ, કેબિનેટ મંત્રી તરીકે તમારું કામ દેશ માટે હિતકારી રહ્યું છે. ઉપ-રાષ્ટ્રપતિ અને સભાપતિના રૂપમાં મેં તમને અલગ-અલગ જવાબદારીઓમાં લગન સાથે કામ કરતા જોયા છે. તમે ક્યારેય કોઈપણ કામને ભારરૂપ ગણ્યું નથી. દરેક કામમાં નવો પ્રાણ ફૂંકવાનો પ્રયત્ન કર્યો છે.

હું દરેક સાંસદ અને યુવાઓને કહેવા માગીશ કે તે સમાજ, દેશ અને લોકશાહી વિશે તમારી પાસેથી ઘણુંબધું શીખી શકે છે. તમારો અનુભવ આપણા યુવાઓને ગાઈડ કરશે અને લોકશાહીને મજબૂત કરશે. તમારાં પુસ્તકોનો ઉલ્લેખ મેં એટલે કર્યો, કારણ કે તેમાં તમારી શબ્દ પ્રતિભા ઝળકે છે, જેના માટે તમને ઓળખવામાં આવે છે. તમારામાં વન લાઈનર્સ વિન લાઈનર્સ છે. એ પછી કંઈ જ કહેવાની જરૂર રહેતી નથી.

## અમેરિકામાં ગાયના ગોબરની રાખડી સુપરહીટ થઈ, કુવૈતે પણ ૧૯૨ મેટ્રિક ટનનો ઓર્ડર આપ્યો

### અમેરિકા અને મોરેશિયસમાં રહેતા ભારતીયો માટે આ વર્ષની રક્ષા બંધન અલગ રહેવાની છે


જયપુર,તા.૮

અમેરિકા અને મોરેશિયસમાં રહેતા ભારતીયો માટે આ વર્ષની રક્ષા બંધન અલગ રહેવાની છે. કારણ કે, તેઓ પોતાના હાથ પર જયપુરથી આવેલી ગાયના છાણથી બનેલી રાખડી બાંધશે. તેના માટે તૈયારી શરૂ થઈ ગઈ છે. જલ્દીથી જ ડિલીવરી પણ શરૂ થઈ જશે. કેટલાક મહિના પહેલા જયપુરથી ૧૯૨ મેટ્રિક ટન ગાયના છાણની નિકાસ કરવામાં આવી હતી.

ઓર્ગેનિક ફાર્મર પ્રોડ્યુસર એસોસિએશન ઓફ ઈન્ડિયાના અતુલ ગુપ્તાએ કહ્યું કે, અમેરિકાથી ૪૦૦૦૦ રાખડીઓનો ઓર્ડર આવ્યો છે, જ્યારે મોરેશિયસથી ૨૦૦૦૦ રાખડીઓનો ઓર્ડર આવ્યો છે. એસોસિએશનની મહિલા વિંગની રાષ્ટ્રીય અધ્યક્ષ સંગીતા ગૌર અનુસાર, આ વર્ષે ગાયના છાણની રાખડીઓ ફક્ત ભારતમાં નહીં પણ અન્ય દેશોમાં પણ આકર્ષણનું કેન્દ્ર બની છે. આ રાખડીઓને સનરાઈઝ ઓર્ગેનિકમાં દેશી ગાયના છાણમાંથી બનાવવામાં આવી છે. શ્રી પાંજરાપોળ ગૌશાળા પરિસરનું પાર્ક જ એ જગ્યા છે કે, જ્યાંથી આપણા દેશની મહિલાઓએ રક્ષા બંધન પર ગાયના છાણ અને બીજોથી બનેલી હર્બલ રાખડીઓની નિકાસ કરવા માટેનો નિર્ણય કર્યો છે. આ રાખડીઓ પ્રવાસી ભારતીયો માટે ભાઈ અને બહેનના પવિત્ર સંબંધનું પ્રતિક બનશે.

તેમણે કહ્યું કે, છાણની રાખડીઓથી થનારી આવકનો ઉપયોગ ગાયની રક્ષાના સાર્થક પ્રયાસોમાં કરવામાં આવશે. સાથે જ, આ પ્રાચીન રાખડીઓને બનાવતા હૈનિમેન ચેરિટેબલ મિશન સોસાયટીની મહિલા સ્વયં સહાયતા સમૂહોની મહિલાઓ પોતાની આજીવિકા કમાઈને આત્મનિર્ભર બનશે. તે સિવાય હાથ પર ગાયના છાણથી બનેલી રાખડી બાંધવાના વિકિરણથી પણ સુરક્ષા મળશે.

હૈનિમેન ચેરિટેબલ મિશન સોસાયટીના સચિવ મોનિકા ગુપ્તાએ કહ્યું કે, લોકો ગાયનું સમ્માન કરે છે. તેથી ગાયના છાણ અને ઔષધીય બીજોથી રાખડી બનાવવામાં આવે છે. છાણને તડકામાં સારી રીતે સૂકવવામાં આવે છે, તેનાથી છાણની ગંધ ૯૫ ટકા સુધી દૂર થઈ જાય છે. ત્યાર બાદ ગાયનું ઘી,



હળદર, સફેદ માટી અને ચંદન સાથે સૂકા છાણનો બારીક પાઉડર મીક્સ કરવામાં આવે છે. જેને અન્ય જૈવિક ઉત્પાદો સાથે લોટની જેમ બાંધીને રંગીન રાખડીઓ બનાવવામાં આવે છે. આ રાખડીને હાથ પર બાંધીવા માટે પ્રયોગ કરવામાં આવ્યો હતો. આખી પ્રક્રિયામાં કોઈપણ રાસાયણિક વસ્તુનો ઉપયોગ નથી કરવામાં આવ્યો.મોનિકાએ કહ્યું કે, વધુ પડતા લોકો રાખડીને થોડી વારમાં ઉતારી દે છે અને રક્ષા બંધન બાદ ફેંકી દે છે. ભાઈ બહેનના પ્રેમના પ્રતિક એવી રાખડી થોડા દિવસો બાદ કચરામાં જોવા મળે છે. તેને જોતા રાખડીમાં તુલસી, અશ્વગંધા, કાલમેઘ સહિત અન્ય વસ્તુઓના બીજ પણ નાખવામાં આવે છે. જેથી રાખડીને ફેકવાની જગ્યા પર લોકો તેને છોડવામાં મૂકી દે. આ પહેલથી રોપણને મદદ મળશે. તેમણે કહ્યું કે, રાખડીની અંદર રાખેલા બીજની મદદથી એક છોડવું ઉગી નીકળશે.

## તંત્રી સ્થાનેથી...

# વૈશ્વિક રાજકારણ-અર્થતંત્રને સ્પર્શતી તાઈવાનની નાજુક સ્થિતિ

ચીનના દક્ષિણ પૂર્વ તટથી તાઈવાન લગભગ ૧૨૦ કિલોમિટર દૂર સ્થિત છે. તાઈવાન 'દ્વીપોની પ્રથમ શૃંખલા' તરીકે પણ ઓળખાય છે. પાછલાં ઘણાં વર્ષોથી ચીને આ વિસ્તારમાં પોતાની અસર વધારવાના ઘણા પ્રયાસ કર્યા છે. જાપાનની દક્ષિણથી એક પ્રકારની ભૌગોલિક રુકાવટ પસાર થાય છે. જે તાઈવાન, ફિલીપાઈન્સથી દક્ષિણ ચીન સાગર સુધી જાય છે. આ શીત યુદ્ધનું કૉન્સેપ્ટ છે. દ્વીપોની આ પ્રથમ શૃંખલાનો આ દેશ અમેરિકાનો સહયોગી છે અને તે તેમની વિદેશ નીતિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ચીન માને છે કે તે વ્યૂહરચનાની દૃષ્ટિએ આ તરફથી ઘેરાયેલું છે. આના કારણે આ ક્ષેત્રમાં તાઈવાનની સ્થિતિ ચીન અને પશ્ચિમના દેશો, બંને માટે, વૈશ્વિક રાજકારણ માટે આ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. તાઈવાન જો ચીનનો ભાગ બની જાય, તો પૅસિફિક ક્ષેત્રમાં પોતાનો પ્રભાવ વધારવા માટે ચીન આઝાદ થઈ જશે. આટલું જ નહીં આવું થતાં જ પૅસિફિક ક્ષેત્રના ગુયામ અને હવાઈમાં રહેલ અમેરિકાનાં સૈન્ય ઠેકાણાં પણ સુરક્ષિત નહીં રહે. પહેલાંથી જ ચીનનો દક્ષિણ-ચીન સાગરમાં ભારે પ્રભાવ છે, પરંતુ જો તેમની પાસે તાઈવાન જતું રહે તો તેઓ પોતાની નૌસેનાનો પ્રભાવ વધારવા માટે પણ સક્ષમ બનશે. આનાથી એ વિસ્તાર પર તેમનું નિયંત્રણ કાયમ થઈ જશે, જેનો વૈશ્વિક કારોબાર પર મહત્ત્વપૂર્ણ પ્રભાવ પડશે. દક્ષિણ અને પૂર્વ સાગરમાં સંભવિત કોઈ પણ પ્રકારના ઘર્ષણની સ્થિતિમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવવાના રસ્તામાં તાઈવાન એક પ્રકારની મિસિંગ લિંક છે. આ ક્ષેત્રમાં તેમના ઈરાદા સંપૂર્ણપણે શાંતિપૂર્ણ છે.

અમેરિકન સસંદની પ્રતિનિધિસભાનાં અધ્યક્ષ નૅન્સી પેલોસી તાઈપેઈ પહોંચ્યાં તેની થોડી વાર બાદ જ ચીનના વિદેશમંત્રાલયે તરત પ્રતિક્રિયા આપી. વિદેશમંત્રાલયે કહ્યું, જેઓ આગ સાથે રમી રહ્યા છે, તેઓ દાઝશે. પાછલાં ૨૫ વર્ષોમાં અમેરિકાથી આટલા મોટા પદ પર કાર્યરત કોઈ વ્યક્તિ તાઈવાનની યાત્રા પર નહોતી ગઈ. નૅન્સી પેલોસીની તાઈવાનયાત્રા એવા સમયે થઈ, જ્યારે ચીન અને અમેરિકા વચ્ચે તણાવ ચરમ પર છે. તાઈવાનની સ્થિતિ એટલી નાજુક છે કે તેના ભાગ્યમાં જે કાંઈ પણ થશે, તેની અસર વિશ્વના રાજકારણ અને અર્થતંત્ર પર પડવાની નક્કી છે. ચીને કહ્યું કે તેઓ આને પોતાના 'રાષ્ટ્રીય સાર્વભૌમત્વનું ગંભીર ઉલ્લંઘન' માને છે અને તેને 'વન ચાઈના પૉલિસી' વિરુદ્ધ પડકાર સ્વરૂપે જુએ છે. બદલાની ભાવનામાં કાર્યવાહી કરવામાં ચીને મોડું પણ ન કર્યું. તેણે તાઈવાન નજીકના કેટલાક વિસ્તારોમાં ગુરુવારથી રવિવાર સુધી સૈન્યાભ્યાસ કરવાની જાહેરાત કરી દીધી. ચીન તાઈવાનને પોતાની છૂટા પડી ગયેલ એક પ્રાંત તરીકે જુએ છે, જેનું દેશની મુખ્ય ભૂમિ સાથે આજ નહીં તો કાલે વિલય થવાનું નક્કી છે અને તે તેના માટે તાકાતનો ઉપયોગ કરવાની પણ તૈયારી ધરાવે છે. પરંતુ બીજી તરફ તાઈવાન પોતાની જાતને એક સ્વતંત્ર દેશ સ્વરૂપે રજૂ કરે છે. તેમના ત્યાં લોકશાહી શાસનપ્રણાલી છે, પરંતુ તાઈવાને ક્યારે આધિકારિકપણે પોતાની જાતને સ્વતંત્ર રાષ્ટ્ર જાહેર નથી કર્યું.

# બાંગ્લાદેશી મુસ્લિમો આદિવાસી છોકરીઓને ફસાવી રહ્યા છે : સંસદમાં ભાજપના સાંસદ

નવીદિલ્હી,તા.૮

ભારતીય જનતા પાર્ટી ઝારખંડના ગોડ્ડાથી સાંસદ નિશિકાંત દુબેએ સોમવારે ફરી એકવાર લોકસભામાં દાવો કર્યો કે રાજ્યમાં ઈસ્લામીકરણ ઝડપથી થઈ રહ્યું છે. તેણે દાવો કર્યો હતો કે બાંગ્લાદેશમાંથી મોટી સંખ્યામાં મુસ્લિમો ઘૂસણખોરી કરી રહ્યા છે અને ઝારખંડમાં આવીને નિર્દોષ આદિવાસી છોકરીઓ સાથે લગ્ન કરે છે. દુબેએ તેમના પર સાયબર ક્રાઈમ અને ગાયોની તસ્કરીનો પણ આરોપ લગાવ્યો હતો.

દુબેએ કહ્યું, ×હું ૧૩-૧૪ વર્ષથી આ ગૃહમાં ઝારખંડમાં ઘૂસણખોરીનો મુદ્દો ઉઠાવી રહ્યો છું. બાંગ્લાદેશ સાથેના જોડાણને કારણે ઘૂસણખોરી આપણા માટે મોટી સમસ્યા છે. તેને હિંદુ-મુસ્લિમ સાથે કોઈ લેવાદેવા નથી કારણ કે તેઓ મુસ્લિમોની રોજગાર પણ છીનવી લે છે, તેઓ હિંદુઓને પણ છીનવી લે છે. સંપૂર્ણ ઈસ્લામાઈઝેશન માટે એક નવો ટ્રેન્ડ હમણાં જ શરૂ થયો છે.

નિશિકાંત દુબેએ કહ્યું, ×બાંગ્લાદેશી મુસ્લિમો નિર્દોષ આદિવાસી છોકરીઓ સાથે લગ્ન કરીને સમગ્ર વસ્તીને બદલવા માટે સંકલ્પબદ્ધ છે. મારા પડોશી જિલ્લા સાહિબગંજમાં, જે જિલ્લા પરિષદની પ્રમુખ બની છે, તે આદિવાસી ક્વોટામાંથી છે, કારણ કે સીટ અનામત હતી, પરંતુ તેણે મુસ્લિમ સાથે લગ્ન કર્યા છે. આ મેં આપેલું ઉદાહરણ છે.

સાયબર ક્રાઈમ અને ગાયોની તસ્કરીનો મુદ્દો ઉઠાવતા તેમણે એમ પણ કહ્યું કે ઈસ્લામીકરણના પ્રયાસો થઈ રહ્યા છે. દુબેએ કહ્યું, ×જામતારા સિરિયલ બની, દેશના તમામ સાયબર ગુનાઓ એક જ સંથાલ પરગણામાં છે. આ જ ગોડ્ડા, દેવઘર, જામતારા, દેવઘર, સાહિબગંજમાં છે. ત્યાં કેટલી ગાયો છે? જો તમે ગોડ્ડા, દેવઘરથી ચાલો તો તમને લાખો-લાખો ગાયો રાત્રે જતી જોવા મળશે. આ તમામ બાંગ્લાદેશ જઈ રહ્યા છે. રેતી અને બાલ્સ્ટ ચાલે છે. બધું ગેરકાયદેસર છે.સાંસદે કહ્યું, ×મેં બે દિવસ પહેલા આ ગૃહમાં ઈસ્લામીકરણનો મુદ્દો ઉઠાવ્યો હતો કે ઝારખંડ સરકાર દ્વારા ઉર્દૂ તરીકે સ્વીકારવામાં આવેલી સરકારી શાળામાં રવિવારને બદલે શુક્રવારે રજા હોય છે. આ ૩-૪ મુદ્દાઓને કારણે આ વિસ્તાર ઈસ્લામાઈઝેશન તરફ આગળ વધી રહ્યો છે. હું ભારત સરકારને વિનંતી કરું છું કે દ્રઈનો અમલ થવો જોઈએ, દ્રૈંછનું કાર્યાલય હોવું જોઈએ અને ઝારખંડ સરકાર અને કોંગ્રેસ મળીને તેમને મદદ કરી રહ્યા હોવાથી કલમ ૩૫૬ હેઠળ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવે.




# મનની શુદ્ધિથી જ સુખ-આનંદની પ્રાપ્તિ

જેમ ઘરમાં રોજ ઝાડું લગાવવાથી ઘર સાફ રહે છે નહી તો કચરો હવા મારફતે આવીને ઘરને ગંદુ કરશે તેવી જ રીતે વ્યક્તિના મનમાં સંસારની વસ્તુઓને જોઈને કામ ક્રોધ લોભ ઈર્ષ્યા દ્રેષ અભિમાન વગેરે દોષોનો કચરો રોજ બોલાવ્યા વિના જ આવી જાય છે.જો આપણે પોતાના મનને શુદ્ધ નહી કરીએ તો આ કચરો ધીરે ધીરે વધતો જશે અને એક દિવસ એટલો વધી જશે કે જીવવું કઠીન બની જશે અને શાંતિ ઉત્સાહ નિર્ભયતા પ્રેમ સેવા દયા વગેરે ગુણોને આ કચરો દબાવી દેશે અને તે ઉત્તમ રીતે જીવી નહી શકે.

આજે સમગ્ર સંસારની હાલત એવી છે કે માનવ આ કચરાની શુદ્ધિ કરવા ઈશ્વરની ભક્તિ ઉપાસના કરતો નથી.કેટલાક લોકો ખોટી રીતે પ્રયાસ કરે છે કેમકે તે અસલી ઈશ્વરને ઓળખતા નથી.જેમ પ્લાસ્ટીકના ફુલ ઉપર મધુમાખી બેસે તો તેને અસલી રસનો સ્વાદ મળતો નથી તેમ ઈશ્વરના વાસ્તવિક સ્વરૂપની જાણકારી વિના ભક્તિ-ઉપાસના કરવાથી કોઈ લાભ થતો નથી.

ઈશ્વરના જાણકાર પૂર્ણ સંત પાસે જઈ ઈશ્વરની ઓળખાણ કરી પોતાની અંદર ઉત્તમ ગુણોની,ઉત્તમ સંસ્કારોની સ્થાપના કરીએ.ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરવું,ઈશ્વરના અસલી સ્વરૂપ નિરાકાર સર્વશક્તિમાન ન્યાયકારી આનંદસ્વરૂપ ઈશ્વરની ઉપાસના કરવી,ઘરમાં નિત્ય ઈશ્વરની સેવા પૂજા ઉપાસના કરવી, બાળકોને સારા સંસ્કાર અને શિક્ષણથી કાળજી રાખવી,મનની શાંતિને પ્રમુખતા આપવી,ચરીત્રને મહત્વ આપવું અને ધન સંપત્તિ અને ભોગોને ઓછું મહત્વ આપીશું અને સંસ્કારોને મહત્વ આપીશું તો મનની શુદ્ધિ અવશ્ય થશે.વર્તમાન સમયમાં સંસારની સ્થિતિ ઘણી ખરાબ છે અને ટીવી અને મોબાઈલના લીધે સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે.

આપણે ત્રણ વાતોને મહત્વ આપવાનું છે:કોઈપણ વ્યક્તિ કે વસ્તુના વિશે સાચી અને પૂર્ણ જાણકારી મેળવવા લાંબા સમય સુધી તેને જોવાની,પરખવાની, સંપર્કમાં રહેવાની જરૂર છે, દરેક ઋતુ એક સરખી નથી હોતી,મૌસમ અનુસાર વૃક્ષ ક્યારેક સૂકાઈ જાય છે તો ક્યારેક ફળફુલથી હર્યુભર્યું ભરપુર રહે છે તેમ મનુષ્યના જીવનમાં ઉતાર-ચઢાવ આવ્યા કરે છે એટલે અમારા જીવનમાં જો ખરાબ સમય આવે તો હિંમત અને ધીરજથી કામ લો..પોતાની વાત જ સત્ય છે એવો દુરાગ્રહ ના રાખો,મનનો દરવાજો ખુલ્લો રાખો અને બીજાઓના વિચારોને પણ જાણવાનો પ્રયાસ કરો.આ સંસાર જ્ઞાનથી ભરેલો છે,તમે એકલાએ જ તમામ જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે એવો ભ્રમ કાઢીને જ્ઞાની વ્યક્તિઓની સલાહ લેવામાં સંકોચ ના કરશો.

પુરાતન સમયમાં સંતો ગામડાઓમાં લોકોને પ્રવચનોના માધ્યમથી બોધ આપતા હતા અને ભિક્ષા માંગીને પોતાનું જીવનયાપન કરતા હતા.એક દિવસ ગામની એક મહિલા સંત માટે ભોજન બનાવે છે. સંત જ્યારે તે મહિલાને ઘેર જમવા જાય છે ત્યારે મહિલાએ પુછ્યું કે મહારાજ..અમોને જીવનમાં સાચું સુખ અને આનંદ કેવી રીતે મળે? સંત કહે છે કે તમારા પ્રશ્નનો જવાબ હું કાલે આપીશ.બીજા દિવસે તે મહિલા સંતના માટે ખીર બનાવે છે.

સંત ભિક્ષા માટે બૂમ પાડે છે.મહિલા સંત માટે ખીર લઈને બહાર આવે છે.સંત ખીર લેવા માટે પોતાનું કમંડલ આગળ ધરે છે.મહિલા ખીર નાખવા જાય છે ત્યારે તેની નજર કમંડલની અંદર પડે છે તેથી સંતને કહે છે કે આપનું કમંડલ તો ગંદુ છે તેમાં કચરો છે, ત્યારે સંત કહે છે કે કમંડલ ગંદુ છે છતાં તમે ખીર તેમાં નાખી દો.મહિલા કહે છે કે આમ કરવાથી તો ખીર ખરાબ થઈ જશે.મહિલા કહે છે કે મહારાજ આપ કમંડલ મને આપો,હું તેને ધોઈને સાફ કરી દઈશ,ત્યારે સંતે પુછ્યું કે જ્યાંસુધી કમંડલ સાફ નહી થાય ત્યાં સુધી તમે ખીર તેમાં નહી નાખો? મહિલા કહે છે કે કમંડલને સાફ કર્યા પછી જ હું તેમાં ખીર આપીશ.

ત્યારે સંતે કહ્યું કે તેવી જ રીતે જ્યાંસુધી અમારા મનમાં કામ ક્રોધ લોભ મોહ જેવા વિચારોની ગંદકી ભરેલી છે ત્યાંસુધી તેમાં સારા ઉપદેશને કેવી રીતે નાખી શકાય? અને એવા મલિન મનમાં ઉપદેશ આપીશું તો કોઈ અસર થશે નહી એટલે સારા ઉપદેશ ગ્રહણ કરવા માટે મનને શાંત અને પવિત્ર કરીશું તો જ અમે જ્ઞાનની વાતોને શિખી શકીશું.શાંત અને પવિત્ર મનવાળાને જ સાચા સુખ અને આનંદની પ્રાપ્તિ થાય છે.

સદીઓથી બુદ્ધિજીવીઓ ચિન્તન કરી રહ્યા છે,વક્તા ભાષણ આપી રહ્યા છે,મોટા મોટા સંમેલનો,મોટી મોટી જાહેર ખબરો..આ બધું અવિરતપણે ચાલી રહ્યું છે તેમછતાં શાંતિ મળતી નથી.આ બહું મોટી સમસ્યા છે.તમામ સમસ્યાઓ મનની છે.મનને ઠેકાણું જોઈએ.ચિંતન મનન ભાષણો સંત સંમેલનો તમામ મુબારક છે કે જો મન આત્માને આધિન હોય..

મન અને આત્મા જીવનરૂપી વૃક્ષ ઉપર બેઠેલા બે પક્ષીઓ છે.તફાવત એટલો છે કે:મન ફળ ખાવાની ઈચ્છા રાખ્યા કરે છે અને આત્મા ફળની ઈચ્છાથી રહીત હોય છે.આત્માની ઈચ્છા છે:પરમાત્મા કે જે આત્માનું મૂળ સ્વરૂપ છે.આત્મા પરમાત્માની સાથે જોડાઈ જાય તો પરમ શાંત થઈ જાય છે.આ અવસ્થામાં મન આત્માની આધિનતા સ્વીકારી લે તો મન પણ શાંત બની જાય છે.સમસ્યા અંદરની છે તો સમાધાન પણ અંદરથી જ કરવું પડશે.સમાધાન એક જ છે કે: આત્માનું પરમાત્માની સાથે મિલન.આ જ આધ્યાત્મિકતાનું શિખર છે.વિશ્વના દરેક મનુષ્યનો આત્મા પરમાત્માની સાથે જોડાઈ જાય તો જ વિશ્વ શાંતિ સંભવ છે.શાંતિ જોઈએ તો આ કદમ ઉપાડવું જ પડશે.

મન જ અમારા બંધન અને મોક્ષનું કારણ છે.આ સિવાય અમારા જીવનમાં સફળતા અને નિષ્ફળતાઓમાં પણ અમારૂં મનોબળનું મહત્વપૂર્ણ યોગદાન હોય છે.મનમાં ઉત્સાહ હોય તો કઠીન કાર્ય પણ સુગમતાપૂર્વક સંપન્ન થાય છે,પરંતુ ઉત્સાહહીન અધૂરા મનથી કરેલ કાર્યમાં અસફળતા જ મળે છે એટલે વિજય-પરાજયનું કારણ પણ અમારૂં મનોબળ છે.મનની શુદ્ધિ કરવા માટે કર્મની જરૂર છે એટલે કે મનને એકાગ્ર કરવા 'ભક્તિ' (કર્મ)ની જરૂર છે અને સર્વમાં ઈશ્વરનો અનુભવ કરવા 'જ્ઞાન'ની જરૂર છે.જ્ઞાન ભક્તિ અને વૈરાગ્ય..ત્રણે પરિપૂર્ણ થાય ત્યારે જીવ પરમાત્માના દર્શન કરી સાચા સુખ અને આનંદની પ્રાપ્તિ કરી કૃતાર્થ થાય છે.

સંસાર એ કેવળ મનની કલ્પના માત્ર છે.મન જ સંસાર ઉભો કરે છે.સ્વપ્નનું જગત જેમ મન ઉભું કરે છે તેમ જાગૃત અવસ્થાનું જગત પણ મન ઉત્પન્ન કરે છે.મન બગડે એટલે જીવન બગડે છે,મન સુધરે તો આત્માને મુક્તિ મળે છે. મન જ જીવને સંસાર-બંધનના કારણ રૂપ છે અને તે જ મન મોક્ષના કારણરૂપ છે.મનુષ્યનું મન



જો વિષયોમાં આસક્ત થાય તો સંસારમાં દુ:ખ આપનાર થાય છે અને તે જ મન જો વિષયોમાં આસક્ત ના થાય અને ઈશ્વરના ભજનમાં લીન થાય તો તે મોક્ષ આપનાર થાય છે.વિષયનું ચિંતન કરતા મન તેમાં ફસાય છે, મનની લુચ્ચાઈ ઘણી છે માટે મનને પરમાત્મામાં સ્થિર કરો.

બહારનો સંસાર દુ:ખ આપતો નથી પણ મનમાં રહેલો સંસાર દુ:ખ આપે છે.નિંદ્રામાં જેમ મન નિર્વિષય થાય છે તેવું જ જો જાગ્રત અવસ્થામાં પણ મન નિર્વિષય રહે તો શાંતિ મળે છે.નિંદ્રામાં જેવું નિર્વિષય મન રહે છે તેવું મન બનાવવું હોય તો મનના વિકારોને બહાર ધકેલી દો કે મનમાં બીજું કાંઈક ભરો જેમ કે મનને પરમાત્માના પ્રેમથી ભરી દો એટલે ત્યાં રહેલો સંસાર નીકળી જશે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# રોજગારી આપવાની સ્થાને રોજગારી છીનવવાનું કામ ગુજરાત ભાજપ સરકાર કરી રહી છે: યુવરાજસિંહ જાડેજા

## ગુજરાતમાં ૧૦ લાખ નહિ પણ તેનાથી પણ વધુ કાયમી રોજગારી શક્ય છે: યુવરાજસિંહ જાડેજા

અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટીના નેતા યુવરાજસિંહ જાડેજા એ એક મહત્વપૂર્ણ આ બાબતે મીડિયાને સંબોધતાં કહ્યું કે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જી એ થોડા દિવસ પહેલા ગુજરાતના યુવાનોને દસ લાખ સરકારી નોકરીઓ આપવાની જાહેરાત કરી, ત્યારે સાંભળીને ભાજપના નેતાઓના પેટમાં તેલ રેડાયું છે. તેઓ કહી રહ્યા છે કે "ગુજરાતમાં ખાલી ૫,૬૦,૦૦૦ જ સરકારી નોકરીઓ શક્ય છે અને દિલ્લીના મુખ્યમંત્રી રેવડી વહેંચી રહ્યા છે." દેશ આઝાદ થયો ત્યારબાદ ગુજરાત રાજ્યની રચના થઈ એ સમય અને હાલના સમયમાં વસ્તીમાં ખુબ જ વધારો થયો છે. સમયે સમયે જિલ્લા તાલુકા અને કચેરીઓમાં વધારો થતો ગયો પરંતુ આપણી મહેકમની વ્યવસ્થામાં કોઈ મોટો બદલાવ થયો નથી. આ વ્યવસ્થામાં બદલાવની જરૂરત છે.

ભાજપના લોકો કહે છે કે દસ લાખ સરકારી નોકરી શક્ય નથી, તો આજે હું એમને કહું છું કે જો નીતિ, નિયત અને દાનત સાફ હોય તો આ દસ લાખ સરકારી નોકરી શક્ય છે. ગુજરાતના યુવાનોને ભાજપ ગેરમાર્ગે દોરવાનું બંધ કરે. હાલની સરકારી વ્યવસ્થામાં ખૂબ જ જૂની રીતે રોજગારી આપવામાં આવે છે. હાલની વ્યવસ્થામાં ૫૦% નોકરીઓ કોન્ટ્રાક્ટ ઉપર આપવામાં આવે છે તથા ભાજપના નજીકના લોકોને ભાઈ-ભત્રીજાવાદથી નોકરી આપવામાં આવે છે. પંજાબ સરકારે એક ઉદાહરણ આપ્યું છે. પંજાબ સરકારે સરકારી વ્યવસ્થામાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા લોકોને કાયમી નોકરી આપી ને એક ઉત્તમ ઉદાહરણ આપ્યું છે. તો આ જ રીતે ગુજરાતમાં પણ કોન્ટ્રાક્ટ પર કામ કરતા લોકોને કાયમી કરીને રોજગારી આપી શકાય છે. ભાજપની સરકારે ચૂંટણી મેનિફેસ્ટો માં જણાવ્યું હતું કે તેઓ ૨૦ લાખ લોકોને નોકરી આપવા જઈ રહ્યા છે, તો હું એ લોકોને જ પૂછું છું કે તે લોકો કઈ રીતે ૨૦ લાખ લોકોને રોજગારી આપવાના હતા?

સરકારી નોકરી આપવામાં સરકાર નિષ્ફળ રહી છે એના હું કેટલાક દાખલા આપવા માંગું છું. ૨૦૧૮-૧૯માં ફક્ત ૫૪૯૭ અને ૨૦૧૯-૨૦ માં તો ફક્ત ૧૭૭૭ ને સરકારી નોકરી આપવામાં આવી. એ સમયે વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રી હતા અને તેઓએ એમ કહ્યું હતું કે તેમની સરકારે ૧૯૨,૦૦૦ સરકારી નોકરીઓ આપી છે પણ વિધાનસભાના ફલોરમાં તેમને જણાવ્યું કે ફક્ત ૧૭૭૭ને જ રોજગારી આપી છે. અત્યારે વર્તમાનમાં પણ ફક્ત ૧૨૩૮ લોકોને જ રોજગારી આપવામાં આવી છે. આ પરથી સાબિત થાય છે કે એમનામાં સરકારી રોજગારી આપવાની નીતિ, નિયત અને દાનત છે જ નહિ.

બીજી તરફ અરવિંદ કેજરીવાલ જી દસ લાખ સરકારી નોકરી આપવાની ગેરંટી આપે છે તો બધા લોકોએ તેમની આ વાતનું સમર્થન કરવું જોઈએ અને ત્યારબાદ પૂછવું જોઈએ કે કઈ રીતે આ સરકારી નોકરીઓ આપવામાં આવશે. અરવિંદ કેજરીવાલ જી પર જે રીતે રેવડી વેચવાના આરોપ લાગે છે તે તદ્દન પાયાવિહોણા છે. હાલ જે લોકો કોન્ટ્રાક્ટ પર કામ કરી રહ્યા છે તે લોકોને કઈ રીતે કાયમી રોજગારી આપી શકાય તેના પર આમ આદમી પાર્ટી કામ કરી રહી છે. આમ આદમી પાર્ટીએ આ પહેલા પંજાબમાં પણ આ રીતે કોન્ટ્રાક્ટ પર આધારિત લોકોને કાયમી રોજગારી આપી હતી તો તે જ રીતે ગુજરાતમાં પણ શક્ય છે.

હાલ ગુજરાતમાં સરકારી શાળાઓમાં ૨૮૨૦૦ જગ્યાઓ ખાલી છે. શિક્ષક સહાયકોની ખાલી છે, વિધ્યાસહાયકની ખાલી ખાલી છે અને આચાર્યોની જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ વિશે જીતુભાઈ એ પણ સ્વીકાર્યું છે. જો તેમની ઈચ્છાશક્તિ હોય તો આ જગ્યા પણ ભરી શકાય છે. ઉર્જા વિભાગમાં ૪૫૦૦ જગ્યાઓ ખાલી છે, આરોગ્ય વિભાગમાં ૩૮૫૦૦ જગ્યાઓ કહેલી છે. આ રીતે સરકારના ૨૭ વિભાગોનું ટોટલ કરીયે તો હાલ ૩૫૦,૦૦૦ જેટલી જગ્યા ખાલી છે. પણ ભાજપ સરકારે આનાથી તદ્દન વિપરીત કામ કર્યું છે. ભાજપ સરકારે છેલ્લા બે વર્ષમાં રોજગારી આપવાની જગ્યાએ લોકોની રોજગારી છીનવી લેવાનું કામ કર્યું છે. ભાજપ સરકાર નવી રોજગારી ઉત્પન્ન કરવામાં તદ્દન નિષ્ફળ રહી છે તો મારું માનવું છે કે તેમણે રાજીનામું આપી દેવું જોઈએ.

અત્યારે ગુજરાતને 'હર ઘર રોજગાર× ની જરૂરત છે. તો આના માટે જનતા એ આમ આદમી પાર્ટીને મોકો આપવો જોઈએ. કારણકે ફક્ત આમ આદમી પાર્ટી જ છે જે આવનારા ૫ વર્ષના સમયગાળામાં ૧૦ લાખ સરકારી નોકરીઓનું સર્જન કરી શકે છે.

હાલ ભાજપ સરકારે વર્ગ-૪ ની તમામ ભરતી ઉપર



પ્રતિબંધ લગાવી દીધો છે. છેલ્લા ચાર વર્ષમાં એક પણ વર્ગ-૪ ની ભરતી કરવામાં આવી નથી. ઓછું ભણેલા લોકો ને વર્ગ-૪ ની રોજગારી આપવામાં આવે છે પરંતુ સરકારે એ પણ બંધ કરી દીધી છે. આમ આદમી પાર્ટીની સરકાર આવતાં જ વર્ગ-૪ ની ભરતી પણ શરૂ થઈ જશે. વર્ગ-૪ માં એક લાખથી વધુ કાયમી રોજગારીનું સર્જન થઈ શકે છે. આ સિવાય સહકારી ક્ષેત્રોમાં જેમ કે બોર્ડ, કોર્પોરેશન, નિગમ જેનું ખાનગીકરણ થઈ રહ્યું છે અને મોટા ભાગે નિગમો વેચી રહી છે. દા.ત. ય્ઈમ્ છે તેનું પહેલા અર્ધસરકારીકરણ થયુ છે. પણ અમે એમાં પણ લોકોને કોઈ લાગવગ વગર કાયમી રોજગાર આપીશું. હાલ માં સી.આર.પાટીલ જી એ કહ્યું હતું કે, ભાજપના કાર્યકર્તાઓ ને તથા ભાજપના પેજ પ્રમુખોને નોકરીમાં પ્રાધાન્ય મળશે પરંતુ અમારી સરકાર માં આવી કોઈપણ પ્રકારના લાગવગ વગર રોજગાર આપવામાં આવશે. આમ આદમી પાર્ટી લાયક અને નોકરીના હકદાર લોકોને જ નોકરી આપશે. આમ આદમી પાર્ટી સહકારીમાં, બોર્ડમાં, નિગમોમાં અને કોર્પોરેશનમાં તથા સરકારી વિભાગોમાં પણ કાયમી રોજગારી માટે અમારી પાસે રોડમેપ તૈયાર છે. ગુજરાતમાં ૧૦ લાખ નહિ પણ તેનાથી પણ વધુ કાયમી રોજગારી શક્ય છે.

યુવાનોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને અમે રોજગારી આપવાના કામમાં અમે સૌથી વધુ કાર્ય કરીશું. આ સિવાય ફિક્સ કર્મચારીઓને જે ભથ્થા નથી આપવામાં આવતા એ આપી શકાય અને ફીક્શેસન પીરીયડને કઈ રીતે ઓછો કરી શકાય કે નાબૂદ કરી શકાય તથા ગ્રેડ પે ના મુદ્દા પાર પણ અમારી લીગલ ટિમ કાયદાકીય રીતો ચકાસી રહી છે. હાલ ભાજપના લોકો રેવડી ઉપર વાત કરી રહ્યા છે પરંતુ તેમણે યુવાઓના રોજગાર પાર ધ્યાન આપવું જોઈએ. શિક્ષણ આરોગ્ય ક્ષેત્રે જેમ દિલ્લીમાં કામ થઈ રહ્યા છે તેમ અને જેમ નવા શિક્ષણ સંકુલો આરોગ્ય સંકુલો ઉભા કર્યા તેમ ગુજરાત માં પણ સંકુલો ઉભા કરવામાં આવશે. અને તેમાં પણ લોકો ને કાયમી રોજગારી આપવામાં આવશે. આ બધું શક્ય જ છે. ભાજપના લોકોએ એમના મેનીફેસ્ટો પાર જ ધ્યાન આપવું જોઈએ કેમ કે એમના નેતાઓએ ૨ કરોડ રોજગારી આપવાની વાત કરી હતી તો એ રોજગારી ક્યાં છે? આ બધા જુમલાઓ હતા ? ભાજપ વાયદા એ ૨ કરોડ રોજગારી નથી આપી શક્યા એ એમની નિષ્ફળતા છે. અમારી પાસે સચોટ માહિતી અને રોડમેપ અમે આપી રહ્યા છીએ. અમે વિભાગોમાં જે રોજગારી ની માહિતી લોકો અને મીડિયા સમક્ષ મુકવાના છીએ. તેથી લોકોને ખ્યાલ આવે કે વર્તમાનમાં જે જે જગ્યાઓ ખાલી છે તે કઈ રીતે ભરી શકાય એમ છે. તો એના માટે પણ અમે આંકડાકીય માહિતીની ફેક્ટ્સ અને ફિગર અમે મીડિયા સમક્ષ મૂકી રહ્યા છીએ. જેથી આ બધી માહિતી વિષે આવનારા દિવસોમાં યુવાનોને પણ ખ્યાલ આવે. પણ હાલ સરકારી ક્ષેત્રને ખતમ કરીને દરેક વસ્તુનું ખાનગીકરણ કરવાનું જે કાવતરું ચાલી રહ્યું છે તે જનતાએ સમજવું પડશે.

છેલ્લા ૫ વર્ષમાં, ગુજરાત વિધાનસભાના માળખા અનુસાર, સરકારી નોકરીઓના આંકડા સામે આવ્યા છે, ૨૦૧૮-૨૦૧૯ મુજબ ૫૪૯૭, ૨૦૧૯-૨૦૨૦ મુજબ ૧૭૭૭, ૨૦૨૦-૨૦૨૧ મુજબ ૧૨૩૭ લોકોને રોજગારી આપવામાં આવી છે. પરંતુ અમે માનીએ છીએ કે તેના વિશે જે પણ ભરતી કરવામાં આવી છે તે જાહેર કરવી અને નિમણૂક પત્ર સુધી પહોંચાડવામાં ઘણો તફાવત છે. કારણ કે તલાટી અને બિન સચિવાલય જેવી નોકરીઓ આજદિન સુધી નિમણૂક પત્ર સુધી સુધી પહોંચી નથી.કેન્દ્ર સરકારમાં રજૂ કરાયેલા આંકડાઓ અનુસાર ૪૦ લાખ સરકારી નોકરીની જગ્યાઓમાંથી ૨૯ લાખ ૮૦ હજાર ભરેલી છે અને ૯ લાખ ૨૦ હજાર જગ્યાઓ ખાલી છે. જો સરકારની ઈચ્છા હોય તો તે જગ્યાઓ પર પણ કાયમી નોકરી આપી શકાય છે. પરંતુ આપણે જોઈ રહ્યા છીએ કે કેન્દ્ર સરકાર પણ ખાનગીકરણ તરફ આગળ વધી રહી છે. હાલ અગ્નિપથ નામની યોજના જાહેર કરવામાં આવી છે તેમાં જે યુવાનો સરહદ પર સેવા આપવા જઈ રહ્યા છે એમને પણ હવે સરકાર ૪ વર્ષની નોકરી આપવા જઈ રહ્યા છે એ આપણા યુવાનોનું અપમાન છે. યુવાનો સાથે આ ક્રૂર મજાક થઈ રહી છે, અમે એનો પણ વિરોધ કરી રહ્યા છીએ.

આમ આદમી પાર્ટી
ગુજરાત

# બુલેટ ટ્રેનમાં પંકચર

ગિરધરભાઈ. સાઈકલમાં પંકચર પડે" રાજુ રદી આટલું બોલી અટલ બિહારી વાજપાઈની માફક અટકી ગયો.

" હમ" કહીને હું મનમોહનસિંહ થઈ ગયો.

"સ્કૂટરમાં પંકચર પડે" આર અશ્વિનની જેમ રાજુએ બીજી ગુગલી ફેંકી.

" હમ" મેં ક્રિકેટની કોપી બુક સ્ટાઈલ મુજબ એકનાથ સોલ્કર જેવું પુશ કર્યું( એકનાથ શિંદે કોણ બોલ્યું? એ તો માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરના તમામ વિક્રમો તોડવાની ક્ષમતા ધરાવે છે. ક્રિપ ઈટ! )

" કારમાં પંકચર પડે" શોએબ અખ્તર જેવો બાઉન્સર રાજુએ ફેંકયો.

" હમ" મેં યુનિવર્સલ બોસ ક્રિસ ગેઈલની જેમ સ્ટેડિયમમાં પડે તેવી સિકસર લગાવી.

" ટ્રંકમાં પંકચર પપ.." રાજુએ છેત્રીપાલની જેમ સવાલના બોલને કીક મારી.

"હમ" મેં ગોલકિપરની જેમ બોલ નેટમાં જાય તે પહેલાં રોકી લીધો.

"વિમાનમાં પંકચર પપપ.." રાજુએ યોકોવિચની માફક પાવરફૂલ પ્રશ્નનો સર્વિસ કરી." હમ"મેં નાડાલની જેમ સર્વિસ રિટર્ન કરી.

" ટ્રેનમાં પ.,,,,,,,,,"રાજુ આગળ બોલે તે પહેલાં જેમ ફૂટબોલમાં રેફરી ડિફેન્ડરને અટકાવે તેમ રાજુને અટકાવ્યો.

" ભાઈ તારો પ્રોબ્લેમ શું છે? સવાર સવારમાં ઘરે ચા મળી નથી અને શું કામ મગજની નસો ખેંચે છે ?? હવે મારા મગજમાં જેમ ચોમાસામાં રસ્તા પર ભૂવા પડે કે કેનાલમાં ગાબડું પડે તેમ મારા મગજમાં પાંચસો પંકચર પડયા છે!!" હું રાજુ પર અકળાયો.

વાહનોમાં પંકચર પડે અને તેને ઠીક કરવાવાળો ટયુબમાં હવા ભરી પાણી ભરેલા તગારામાં ટયુબ નાંખી કયાંથી હવા નીકળે છે તેનો ક્યાસ મેળવતો. પછી ટયુબનો વાલ્વ ઢીલો કરતો. ટયુબમાં ભરાયેલી હવા ફૂસ કરીને બહાર નીકળતી. પછી ટયુબમાં જયાં છિદ્ર પડેલ હોય તે જગ્યાએ બોલપેનથી રાઉન્ડ કરતો. પછી ખમણી જેવા અણિયાળા ભાગ કે લાકડાના ટુકડા પર ચોંટાડેલ હોય તેનાથી પંકચરવાળો ભાગ ઘસી નાંખે . પછી પીળા રંગની ટયૂબનું કાળું ઢાંકણ ખોલી લાલ રંગનું સોલ્યુશન ટયુબ પર અને બીજી નકામી ટયૂબમાંથી નાના ગોળાકાર કે ચોરસ ટુકડો કાપીને પંકચર રીપેર કરવા માટે વાપરવાનો હોય તેના પર લગાવે .

પછી બંનેને ચોંટાડી દે. પછી લાકડાંથી ફટકારે. ટયુબન વાલ્વ ટાઈટ કરે. ટયુબમાં પંપથી હવા ભરે. ટયુબ પાછી પાણી ભરેલી તગારામાં નાંખી ચેક કરી બીજા પંકચર ન હોય તો ટયુબ ટાયરમાં લગાવે. આને કાચું પંકચર કહે છે. પછી મશીનમાં પાકા પંકચર આવ્યા. હવે ટયુબલેસ ટાયર આવે છે. પંકચરરીપેર કરવા માટે સોલ્યુશનવાળી કાળા ગોળ નાના પટીઓ આવે છે તેને પિકચરવાળા ભાગ પર લગાવી દો એટલે કામ પત્યું. હવે ટાયરમાં હવા ભરી મોટો સૂયો સોલ્યુશનની પાતળી પેસ્ટ સાથે ટાયરમાં ભચ કરીને ખોસી દો એટલે પંકચર આપોઆપ સંધાઈ જાય.દેશની એકતામાં ઉન્માદના પંકચરો પડે છે તેને સાંધવા માટે સૌહાર્દનું સોલ્યુશન મળતું નથી એ દુર્ભાગ્યની બાબત છે!!!!

આપણે નવા ભારતના નિર્માણના પંથે છીએ. રેલવેની સુધારણા, અપગ્રેડેશનના ભાગરૂપે નાનક રહિત ફાટકો, ટ્રાફિકનું ભારણ ઓછું કરવા રેલવે ઓવરબ્રિજ, રેલવેની નફાકારકતા વધારવા રેલવે રૂટ, સ્ટેશનો વેંચવા વગેરે પગલા લઈ રહ્યા છે!

છેલ્લે અમદાવાદ-મુંબઈ વચ્ચે હાઈસ્પીડ રેલવે એટલે કે બુલેટ ટ્રેન શરૂ કરવા આપણે જાપાન સાથે કરાર કર્યા. અલબત, જાપાનમાં બુલેટ ટ્રેનથી અપડેટેડ ટ્રેન ચાલે છે તે વાત જુદી છે. પ્રારંભિક તબક્કે લગભગ એક લાખ કરોડ રૂપિયાનો ખર્ચ છે. જે વધીને બે લાખ કરોડ થઈ શકે છે. આટલા રૂપિયામાં રેલવેનું આધુનિકીકરણ થઈ શકે તેવી બુલેટ ટ્રેનના વિરોધીઓ કહે છે. આપણે હાથીની જેમ ભસતા શ્વાનને અવગણવા એમ રાજુ રદી કહે છે!!!બુલેટ ટ્રેન ૨૦૨૬ સુધીમાં કાર્યરત થઈ જશે!

આમ તો બુલેટ ટ્રેન એ અગ્નિપથ બનતો રહ્યો છે( ખબરદાર કોઈએ અગ્નિવીરની વાત કરી છે!! બે લાખ અરજી મળી છે તે આનંદોત્સવનો વિષય છે!!!) ખડૂતોએ ચીકુની વાડી જેવી જમીનો આપવાનો વિરોધ કર્યો. ચીકુની વાડી તો કચ્છના રણમાં બનશે પણ બુલેટ ટ્રેનનો રુટ કચ્છમાં થોડો લઈ જવાય. બુલેટ ટ્રેન વહીં બનાયેંગે!! આ આપણો નારો છે.હવે એક બાબુએ મામૂલી નાણાકીય ઈધરઉધર કરી છે. જયાં ધુમાડો હોય ત્યાં આગ હોવી જરૂરી નથી. શિયાળાની ઠંડીમાં મેં ખોલીએ એટલે ધુમાડો નીકળે છે પણ આગ કયાં હોય છે?? એક લાખની કરોડની પ્રોજેકટ કોસ્ટમાં પાંચસો કરોડ રૂપરડીની ટકાવારી કેટલી??આપણે એને સસ્પેન્ડ કરી દીધા છે!!

ખબરદાર કોઈ બોલ્યું છે કે બુલેટ ટ્રેનમાં? પંકચર પડયું છે!!!

ભરત વૈષ્ણવ

--------------------

- મારું ચાલે તો

નાનપણમાં,
લાકડાનાં ગાડાં,
લાકડાના ખટારા,
લાકડાના ટ્રેકટરને દોરી
બાંધી ,
ઘરમાં કે બહાર ઢસડતા,
ધમાચકડી કરતા હતા ,
બસ તેમજ
વાદળોને રાંઢવું બાંધી,
નદી,નાળા, પર્વત
,ખીણ ,કંદરા ,વનરાજીમાં
ફેરવું!!
વાદળાંને જોરથી
નિચોવી નાંખું,
વાદળને નિચોવતાં જે
પાણી ટપકે ,
તેનાથી મુઠી ભરી લઉં.
વાદળાના ટુકડા કરી ,
બધાને પ્રસાદી તરીકે
વહેંચું કે,
જેથી ,
ક્યાંય ,
સૂકો દુષ્કાળ ન પડે,
ક્યાંય
લીલો દુષ્કાળ ન પડે.

ભરત વૈષ્ણવ
૮.૮.૨૦૨૧




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS N0 : 0013
વિષયઃ મનોકામના
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ

મને મનોકામના ગમે
ક્યારેક ઢળતી સંધ્યાએ,
એકાંત મળે તો ગમે.
કોલાહલ ભીડની કેડીએ, મૌન મળે તો ગમે.

મનગમતાંનો સાથ મળે તો ગમે, સંધ્યાના સોનેરી રંગોને નિહાળતાં , સોનેરી સપનાં જોવાં ગમે.

દરિયાકિનારે દૂર ક્ષિતિજે,આભ ધરતીનું મિલન જોઈ,એવા મુગ્ધ મિલનને યાદ કરવું ગમે.

રેતીમાં કિલ્લો ચણી હરખાતાં બાળને જોઈ,

એવાં જ બાળપણમાં ચણેલા કોઈ કિલ્લાને યાદ કરવાં ગમે.

ભીની રેતીમાં પડેલાં પગલાંઓને જોઈ, કોઈકના એ પદ્દ્ચિન્હોને યાદ કરવાં ગમે.

શાંત પળે જળમાં ઊઠતાં તરંગોના લયને માણતાં,

ઈશ્વરની અદ્ભૂત રચનાઓને હૃદયથી વંદન કરવું ગમે.

ઘનશ્યામ વ્યાસ.
શ્યામ

--------------------------------

NOG:SS:NO.: 0101
વિષયઃ મનોકામના

પ્રકારઃ ગદ્ય લેખ
શબ્દઃ૨૩૦
શીર્ષકઃ બીજાનું ભલું તે આપણું ભલું

મનોકામના, મનની ઈચ્છાઓ આપણી અહંતા મમતાના તાણાવાણામાં જ વીંટળાયેલી હોઈ છે.

આપણે રાગ દ્વેષથી ભર્યા છીએ. રાગ કરતાં દ્વેષ વધુ ઉત્કટ હોઈ છે. 'કોઈનું ભલું થાય' એવું જલ્દી નથી કહેવાતું. કોઈનું ખરાબ થાય× એવી મનોકામના વ્યક્ત થઈ જાય છે. 'મરવા દો' શબ્દને વાતવાતમાં પ્રયોજતા પ્રમાણમાં સંત હોવાનો દાવો કરતાં લોકોને સાંભળ્યા છે. તેમનામાં દ્વેષની ભાવના કેટલી ઉત્કટ હશે!

જહન્નમમાં જાય, જવા દે, મરવા દે જેવા શબ્દો વાતવાતમાં બોલનારા આપણે આપણા માટે આવા શબ્દોની ચાહના રાખીશું ખરા?

મહાવીરનું સૂત્ર છે ×જે તું તારે માટે ઈચ્છે, એ બીજા માટે પણ ઈચ્છ. જે તારે માટે ન ચાહે તે બીજા માટે પણ ન ચાહ.×

આ સૌથી વિકટ કામ છે. માણસ સ્થૂલ કામનાઓ માટે જીવતો હોઈ છે.

પ્રભુ તું સૌને કંઈક આપ એમ કહેવાની કળા મહાવીર શીખવવા માગે છે.

મને કમનસીબી નથી ફાવતી, કોઈને કમનસીબી ન આપ એમ કહેવા માટે ઉદાર રહૃદય જોઈએ.

જે તમારે માટે ઈચ્છો તે બધાં માટે ઈચ્છો જે તમારા માટે ન ચાહો એ કોઈ માટે ન ચાહો એવું કરવા લાગો , એવી મનોકામના કરો તો જીવનની બધી ઝંઝટનો ઉકેલ મળી જશે.

તો માણસને કેટલી ઊંચાઈ મળી જાય?

કોઈક વીતરાગ દશાને પામેલા જ અમલમાં મૂકી શકે; ઈચ્છારહિત થવાની દિશામાં આ પગલું છે. અઘરું છે પણ અશકય નથી.

રક્ષાબંધનની રાખડી એ બહેનના નિર્મળ, નિર્વ્યાજ સ્નેહની રાખડી જેવી મૂલ્યવાન વસ્તુ આ દુનિયામાં બીજી કોઈ નથી. માણસ(બહેન) બીજા માણસ(ભાઈ)ની રક્ષા ઈચ્છે છે આવી મનોકામના હોઈ તો દુનિયાની બધી જ સમસ્યાઓ ટળી જાય.

ભરત સાંગાણી

# અંગ્રેજો ભારત છોડો : ૮મી ઓગસ્ટ ૧૯૪૨:

આજે તારીખ ૮મી ઓગસ્ટ ,૨૦૨૨ આજથી બરાબર ૮૦ વર્ષ પહેલા તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૪૨ના દિવસે આપણો સ્વાતંત્ર્ય સંગ્રામ નિર્ણાયિક તબક્કામાં પ્રવેશ્યો હતો.

તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૪૨ના દિવસે

આપણને સામાજિક ગુલામી અને રાજકીય ગુલામીમાંથી મુક્તિ અપાવનાર ક્રાંતિકારી મહાન સંસ્થા

અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું મુંબઈ ખાતે અધિવેશન મળ્યું હતું.

આ અધિવેશનમાં

મહાત્મા ગાંધીએ પ્રભાવશાળી અને નિર્ણાયિક પ્રવચન કર્યા પછી પંડિત જવાહરલાલ નેહરુએ×અંગ્રેજો ભારત છોડો× નો ઠરાવ રજૂ કર્યો હતો, અને સરદાર પટેલે તેને સમર્થન આપ્યું હતું.

ગાંધીજીએ એમના સમાપન સંદેશ માં કહ્યું હતું કે

×આ મંત્ર તમારા હૃદયમાં કંડારી લો,

સહુના શ્વાસમાં એ મંત્ર રણકવો જોઈએ. ×કરો યા મરો× આપણે આ સંઘર્ષમાં સ્વતંત્ર થઈશું ક્યાંતો×મોતને ભેટીશું×

ગાંધીજીના આ આદેશાત્મક એલાનથી દેશભરમાં પ્રચંડ પ્રજાકીય જુવાળ પ્રગટ્યો.

૧૯૪૨ થી લઈને ૧૯૪૬ સુધીમાં સાતત્યપૂર્વક ચાલેલા આંદોલન દરમિયાન.........

૬૦૨૯૯ લોકોની ધરપકડ થઈ.

૨૬૦૦૦ થી વધુ લોકોને આકરી સજા થઈ.

૧,૧૮,૦૦૦ લોકોને નજરબંધ કરવામાં આવ્યા.

૧,૦૯૦ નાગરિકોએ પ્રાણ ગુમાવ્યા.

૫૩૮ વાર ગોળીબાર કરવામાં આવ્યો.

૧૬,૩૩૦ ગોળીબારથી ઘાયલ થયા

૨૦૮ પોલીસ સ્ટેશન સળગાવવામાં આવ્યા હતા.

૭૪૯ સરકારી ઈમારતોને આગ લગાડવામાં આવી હતી.

૬૬૪ સ્થળોએ બોંબ ધડાકા કરવામાં આવ્યા હતા.

૩૮૨ રેલવે સ્ટેશનને નુકસાન કરવામાં આવ્યું હતું.

૯૪૫ પોસ્ટ ઓફિસોને નષ્ટ કરવામાં આવી હતી.

૬૮ વાર લશ્કર બોલાવવું પડ્યું હતું.

ભારત છોડો આંદોલનના એલાનના કારણે

સમગ્ર દેશમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને

કચ્છથી આસામ સુધી

લોકોમાં ત્યાગ ,બલિદાન અને ન્યોછાવરીની ભાવનાના ઘોડાપૂર ઉમટ્યા હતા.

ગાંધીજી આ દ્રશ્ય જોઈને કહેતા હતા

×આઝાદીના આંદોલનના એ દિવસોનું સ્મરણ કરતાં મારું હૈયું ગદગદીત થઈ જાય છે×

આજે આપણે આઝાદીના ૭૫માં વર્ષે

ભારત દેશના આઝાદ નાગરિક તરીકે સ્વતંત્રતા,સમાનતા ન્યાય અને બંધુતાના અધિકાર સાથે ગૌરવપૂર્ણ જીવન જીવી શકીએ છીએ તેના માટે

મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલનેહરૂ ,સરદાર પટેલના નેતૃત્વમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે આપણને અપાવેલી આઝાદીને તેનું શ્રેય જાય છે.

મહાત્મા ગાંધી અને કોંગ્રેસ જ્યારે ૧૯૪૨માં

×અંગ્રેજો હિન્દ છોડો×ની આખરી ચળવળ કરી રહ્યા હતા

ત્યારે

હિન્દુ મહાસભા અને સંઘ પરિવાર અને તેના નેતાઓ અને કાર્યકરો અંગ્રેજોની પડખે રહીને, અંગ્રેજોના પ્યાદા બનીને

આઝાદીના આંદોલનનો વિરોધ કરી રહ્યા હતા.

ગોલવલકર અને સાવરકર યુવાનોની શિબિરો ભરીને ૧૯૪૨ની કવિટ ઈન્ડિયા મુમેન્ટમાં નહીં જોડાવા માટે તથા વિરોધ કરવા માટે ઉશ્કેરતા હતા.

મહાત્મા ગાંધીએ, પંડિત નેહરુએ, સરદાર પટેલે

૧૯૪૨ થી લઈને ૧૯૪૭ સુધી

કવિટ ઈન્ડિયાની લડત સફળતાપૂર્વક લડી બતાવી.

આપણા વર્તમાન સત્તાધારી શાસકો

આજની ૮મી ઓગસ્ટ ×અંગ્રેજો ભારત છોડો ×ની તિથિને ભૂલી જાય છે તે સ્વભાવિક છે.

કારણકે ગાંધીજી અને કોંગ્રેસે સંઘ પરિવારના વિરોધ વચ્ચે quit india movement જીતી બતાવી હતી.

નોંધઃ ઉપરોક્ત લખમાં માહિતીનો ઉપયોગ

પ્રભાકર ખમારના લેખમાંથી લીધી છે જે બદલ આભાર વ્યક્ત કરું છું..

# ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે આહવા ખાતે યોજાશે 'વિશ્વ આદિવાસી દિવસ'

## સાપુતારા ખાતે રૂ.૨૦.૬૧ કરોડના ખર્ચે આકાર લેનાર કન્યા સાક્ષરતા નિવાસી શાળાના હોસ્ટેલ બિલ્ડીંગ, મેસ બિલ્ડીંગ અને સ્ટાફ ક્વાર્ટર્સનુ કરાશે ઈ ખાતમુહુર્ત

આહવાઃ તાઃ ૮ઃસો ટકા આદિવાસી વસતિનુ પ્રભુત્વ ધરાવતા ડાંગ જિલ્લાના મુખ્ય વહીવટી મથક ખાતે આજે 'વિશ્વ આદિવાસી દિવસ'ની ભવ્ય ઉજાણવી કરાશે.

પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે આદિવાસી સમાજના પ્રતિભાશાળી વ્યક્તિઓનુ સન્માન, યોજનાકીય લાભાર્થીઓને લાભોનુ વિતરણ સહીત અનેકવિધ કાર્યક્રમો યોજાશે રાજયના આદિજાતિ વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સવારે ૯:૩૦ વાગ્યે આહવાના ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે યોજાનારા 'વિશ્વ આદિવાસી દિવસ' ઉજવણી કાર્યક્રમમા રાજયના વન, પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, છાપકામ અને લેખન સામગ્રી વિભાગના મંત્રી શ્રી કિરીટસિંહ રાણા ખાસ ઉપસ્થિત રહેશે. જેમના હસ્તે સાપુતારા ખાતે રૂ.૨૦.૬૧ કરોડના ખર્ચે આકાર લેનાર કન્યા સાક્ષરતા નિવાસી શાળાના હોસ્ટેલ બિલ્ડીંગ, મેસ બિલ્ડીંગ અને સ્ટાફ ક્વાર્ટર્સનુ ઈ ખાતમુહુર્ત કરાશે. તો આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ આદિવાસી ઉત્કર્ષ યોજનાના કુલ ૪૩ હજાર, ૩૮૯ લાભાર્થીઓને રૂ.૧૫૭૧.૬૧ લાખના વિવિધ લાભો પણ એનાયત કરાશે.

કાર્યક્રમ ઉજવણીના ભાગરૂપે ડાંગ જિલ્લાના આદિવાસી સમાજના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ, રમતવીરો, પ્રગતિશીલ ખેડૂતો, વ્યક્તિ વિશેષો વિગેરેનુ જાહેર અભિવાદન કરવા સાથે, આદિવાસી પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમોની પણ રમઝટ જામશે. આહવાના 'વિશ્વ આદિવાસી દિવસ' ઉજવણી કાર્યક્રમમા મંત્રી શ્રી સહીત વલસાડ-ડાંગના સાંસદશ્રી ડો.કે.સી.પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. તેમ, નિમંત્રક એવા કલેકટર શ્રી ભાવિન પંડ્યા, તથા પ્રાયોજના વહીવટદાર શ્રી કે.જે.ભગોરાએ જણાવ્યુ છે.

નરેન્દ્ર પવાર
ડાંગ

# આહવા કોલેજના વિધ્યાર્થીઓ દ્વારા હર ઘર તિંરગા રેલી યોજવામા આવી;

આહવાઃ તાઃ ૦૮ઃ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા તથા સરકારી વિજ્ઞાન કોલેજ, આહવા કોલેજના સંયુક્ત ઉપક્રમે દ્વજીજી વિભાગ, જિમખાના સમિતિ, જીઈઝ સમિતિ દ્વારા ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરિપત્ર મુજબ જિલ્લાકક્ષાએ "હર ઘર તિરંગા" રેલીનુ આયોજન કરવામા આવ્યુ હતુ. રેલીની શરૂઆત કોલેજ કેમ્પસમા "હર ઘર તિરંગા"ની શપથ વિધિ સાથે કોલેજના આચાર્યશ્રી ગાંગુર્ડે તથા વિજ્ઞાન કોલેજના આચાર્યશ્રી એ.જી.ધારીયા અને બંને કોલેજના અધ્યાપકશ્રીઓના નેજા હેઠળ ગાંધીબાગ સુધી પહોંચ્યા હતા.

ગાંધીબાગ સર્કલ પાસે ડાંગ જિલ્લાના માનનિય કલેક્ટરશ્રી ભાવિનભાઈ પંડયાએ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી આ વિશાળ રેલી તથા આહવા નગરના ગ્રામજનોની ઉપસ્થિતિમાં "હર ઘર તિરંગા"ની શપથ લેવડાવામાં આવી અને ભારતની સ્વતંત્રતાના નારાઓના જયઘોસથી આ પ્રેરણાદાયી રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. આ ભવ્ય અને વિશાળ રેલી આહવાના મુખ્ય રસ્તો અને બજારમાંથી થઈને ફુવારા સર્કલ પાસે પહોંચ્યા હતા. ફુવારા સર્કલ પાસે ફરીથી કોલેજના બંને આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમા પ્રા.જયેશભાઈ ગાવિત દ્વારા "હર ઘર તિરંગા"ની સપથ લેવડાવામાં આવી હતી. ત્યારબાદ રેલી આશ્રમ રોડ,પ્રવાસી ઘર, સિવિલ હોસ્પિટલ થઈને કોલેજ કેમ્પસમાં પહોંચ્યા હતા. સદર રેલીમા બંને કોલેજના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓ તથા ગ્રામજનો જોડાયા હતા. કોલેજ કેમ્પસમાં આ વિશાળ રેલીને બંન્ને કોલેજના આચાર્યશ્રીઓ દ્વારા સંબોધવામાં આવી હતી અને અંતે NSS વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રા.વિનોદભાઈ ગવળી દ્વારા આભાર વિધિ કરી, જિમખાના સમિતિના અધ્યક્ષ પ્રા.હિતાક્ષીબેન દ્વારા વિદ્યાર્થીઓને સાવધાનની સ્થિતિમાં "રાષ્ટ્ર ગીત" ગાઈને રેલીને પૂર્ણ જાહેર કરી હતી.

નરેન્દ્ર પવાર
ડાંગ

# અલવિદા કનુદાદા !

## ગુજરાતી ગિરાના વરિષ્ઠ વિદ્યાપુરુષ, વિદગ્ધ વિવેચક, સન્નિષ્ઠ સંશોધક શ્રી કનુભાઈ જાની 'ઉપમન્યુ'ની વિદાય :



જૂનાગઢ જિલ્લાનાં કોડીનાર મુકામે ૪ ફેબ્રુઆરી, ૧૯૨૫ ના રોજ જન્મ લેનાર શ્રી કનુભાઈ છોટાલાલ જાનીએ પ્રાથમિક /માધ્યમિક શિક્ષણ વીરમગામ ખાતે લીધા બાદ ગુજરાતી /સંસ્કૃત વિષયો સાથે પ્રથમ વર્ગમાં મ.છ. કરીને એ જ વિષયોમાં ૧૯૪૯ માં સ.છ. થઈને ૧૯૫૦ થી ૧૯૬૬ સુધી રાજકોટ /જામનગર /ભુજની સરકારી કોલેજોમાં ગુજરાતી ભાષા-સાહિત્યમાં અધ્યાપન કાર્ય કર્યા બાદ ૧૯૬૬ થી છેક સુધી ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે પ્રાધ્યાપક, વિભાગીય અધ્યક્ષ અને છેલ્લે ઉપાચાર્ય તરીકે સેવાઓ આપીને ૧૯૮૫ માં સેવાનિવૃત્ત થયા.

નિવૃત્તિ બાદ થોડો સમય સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ' નહેરુ ચેર' ના નિયામક તરીકે જોડાયેલ કનુભાઈ ૧૯૭૦ માં ગુજરાતી ભાષા-સાહિત્યનું શિક્ષણ આપવા અમેરિકા ગયેલ, જે સેવા બદલ તેમને સીૈ છુિટ્ઠંિ પણ ત્યાંથી મળેલ. ઉપરાંત ' કસુંબલ રંગ' એ લેખશ્રેણી બદલ કનુભાઈને ૧૯૭૩ માં ' કુમાર ચંદ્રક' પણ એનાયત થયેલ.

-- કનુભાઈ જાનીએ ' માધવ ગોર 'ઉપનામથી કેટલુંક હળવું સાહિત્ય સર્જ્યું તો ' ઉપમન્યુ' ઉપનામથી કેટલાક કાવ્યો અને ચરિત્રોનું પણ સર્જન કર્યું. જો કે એમનું વિશિષ્ટ અને નોંધપાત્ર પ્રદાન તો એક વિદગ્ધ વિવેચક અને સન્નિષ્ઠ સંશોધક તરીકે રહ્યું છે.

- વિવેચન /સંશોધન પરત્વે નીચેના ગરિમાપૂર્ણ ગ્રંથો કનુભાઈ જાની પાસેથી આપણને સાંપડ્યા :

- માયાલોક ( સહલેખન) - ૧૯૫૭
--શબ્દનિમિત્ત : ૧૯૭૯
-- ઝવેરચંદ મેઘાણી : ૧૯૯૩
-- મેઘાણી છબિ : ૧૯૯૬
-- મેઘાણીચરિત : ૨૦૦૨
-- ચાર ફાગુ ( સહસંપાદન) :૧૯૬૨
-- મેઘાણી સંદર્ભ (સહસંપાદન) ૧૯૮૧
-- સા વિદ્યા યા : ૧૯૭૬
-- શબદનો સોદાગર : ૧૯૯૭
-- બોટાદને આંગણે : ૧૯૯૯
-- લોકવાંગ્મય : ૧૯૯૦

--★--

' માયાલોક' એ વિનોદ અધ્વર્યુ સાથે થયેલો કનુભાઈનો નવલકથા - સ્વાધ્યાય છે. તો ' શબ્દનિમિત્ત' માં વાર્તા /નવલકથા /કવિતા વિષયક અભ્યાસલેખો સંગ્રહિત છે.

મેઘાણીજીનાં સર્જન/જીવન વિષયક કનુભાઈના અભ્યાસના પરિપાક રૂપે ત્રણ પુસ્તકો મળે છે : ઝવેરચંદ મેઘાણી /મેઘાણી છબિ / મેઘાણીચરિત :

'ચાર ફાગુ' પુસ્તક કનુભાઈના મધ્યકાલીન કાવ્યપ્રકાર ' ફાગુ' વિશેનો અને સુખ્યાત' ચાર ફાગુ' વિશેનો સંપાદન ગ્રંથ છે

' સા વિદ્યા યા' એ કનુભાઈએ ગુજરાત વિદ્યાપીઠમાં વિવિધ વિષયો પરત્વે આપેલ વ્યાખ્યાનોનો સંગ્રહ છે તો 'શબદનો સોદાગર' અને 'બોટાદને આંગણે' એ મેઘાણીજી વિષયક અભ્યાસપૂર્ણ લેખોનાં સંપાદનો છે.- કનુભાઈ જાનીનું વિશિષ્ટ, સંશોધનાત્મક પુસ્તક તે ' લોકવાંગ્મય '

-- ' લોકવાંગ્મય 'માં લોક /લોકસાહિત્ય / લોકગીત /લોકકથા/લોકવિદ્યા વગેરે પરત્વે પ્રવર્તતી મુખ્ય વિચારધારાઓ, વિભાવનાઓ, લાક્ષણિકતાઓ વિશે કનુભાઈના સ્વાધ્યાયમૂલક, વિગતપૂર્ણ અભ્યાસલેખો સંગ્રહાયેલા છે.

-- પારિવારિક દ્રષ્ટિએ જોઈએ તો સુધાંશુભાઈના પિતાજી શ્રી કનુભાઈ જાનીનાં દીકરી/જમાઈ ( નયનાબેન/ રાજેન્દ્ર શુક્લ) એ સાંપ્રત ગુજરાતી ગિરાનું પ્રથિતયશ કવિયુગલ છે.

-- વિવેચન /સંશોધન ક્ષેત્રે મૂલ્યવાન અને પ્રભાવક પ્રદાન કરીને ગુજરાતી ભાષા-સાહિત્યને સમૃદ્ધ કરી જનાર, સમગ્ર ગુજરાતી ગિરાને રળિયાત કરી જનાર, ' ગુજરાત ગૌરવ પુરસ્કાર' વિજેતા અને ' કાગ એવોર્ડ' વિજેતા, અધ્યયનસમૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ શ્રી કનુભાઈ જાનીની વિરલ કલમચેતનાને વિનમ્ર નમન.

- સંકલન : R. P. Joshi : Rajkot :

# રાજ્ય સરકારનાં પરિપત્રોને ઘોળી પી જતું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ

બેરોજગારોને રોજગાર મળી રહે તેવાં શુભ આશયથી રાજ્ય સરકારે નિવૃત્ત થયેલ કર્મચારીઓને કરાર આધારિત , આઉટસોર્સિંગ કે એજેન્સી મારફત પુનઃ નોકરી પર નહીં રાખવા નિર્ણય લીધેલ છે. જો આવા કર્મચારીઓને નોકરી પર રાખ્યાં હોય તો તાત્કાલિક છૂટાં કરી દઈ પછી જો જગ્યા અગત્યની હોય તો સરકાતશ્રીમાં દરખાસ્ત કરી મંજૂરી મળ્યાં પછી જ આવા કર્મચારીઓને નોકરી પર રાખવાં તેમાં પણ ૬૦ વરસની ઉંમર મર્યાદા નક્કી કરવામાં આવેલ છે.

ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમને નિવૃત્ત થયેલાં કર્મચારીઓને છુટાં કરવાનું સરકારશ્રી દ્વારા જણાવવામાંમાં આવ્યાં છતાં આવા નિવૃત્ત થયેલ કર્મચારીઓને છૂટાં કરવામાં આવેલ નથી. તાજેતરમાં નિગમ દ્વારા માન્ય એજન્સી મારફત આઉટસોર્સિંગમાં ફરજ બજાવતાં ૭ માસથી લઈ ૪ વરસ સુધી નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવનાર કર્મચારીઓ પાસેથી રાજીનામા લઈ લેવામાં આવેલ છે,અને પાછલે બારણે નિવૃત્ત થયેલાં કર્મચારીઓને લઈ લેવાનાં કારસો ઘડાઈ રહ્યો છે. સરકાર આ બાબતે કડક પગલાં ભરે તો બેરોજગારોને રોજગાર મળી રહેશે.

# હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા વિતરણના કાર્યક્રમનો પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે શુભારંભ કરાયો



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૧૩ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી દેશવાસીઓને પોતાના ઘર,ઓફિસ, કચેરી, વેપારીક પ્રતિષ્ઠાન પર રાષ્ટ્રધ્વજ ફરકાવવા આહવાન કર્યુ છે તે અંતર્ગત ગુજરાતના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની ગરીમામય ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે તિરંગા વિતરણ કાર્યક્રમનો શુભારંભ થયો હતો. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં કાર્યકરો તેમજ નાગરિકોએ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ મેળવ્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, દર ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રોજ આપણો રાષ્ટ્રધ્વજ ફરકાવતા હોઈએ છીએ. પહેલા રાષ્ટ્રધ્વજ ફરકાવવા બાબતે ઘણા નિયમો હતા કે જે અંતર્ગત સુર્યાસ્ત પછી રાષ્ટ્રધ્વજ ઉતારી લેવો પડતો અને માત્ર સુતરના કાપડનો બનેલો રાષ્ટ્રધ્વજ માન્ય ગણાતો પરંતુ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે હર ઘર તિરંગા લહેરાય તે માટે નિયમોમાં ફેરફાર કરી આગામી ૧૩મી ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ દરમિયાન પ્રોટોકોલ જાળવી તિરંગો સૌ દેશવાસીઓ ફરકાવી શકેશે. આપણા દેશના તિરંગા માટે કેટલાય નામી-અનામી વિરોએ બલિદાન આપ્યું છે. કેટલાય વિર શહિદોએ અંગ્રેજોના જુલમો સહન કર્યા છે,જેલમાં ગયા તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરીએ.શ્રી સી.આર.પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે,આપણા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાનનું આહવાન કર્યુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના આહવાન બાદ આજે તિરંગા વિતરણમાં મોટી સંખ્યામાં લોકો રાષ્ટ્રધ્વજ મેળવવા આવ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના આહવાનને આજે ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના અભિયાનમાં ગુજરાત કયાંય પાછળ ન રહી જાય તે માટે, ગુજરાતના દરેક ઘરે રાષ્ટ્રધ્વજ ફરાકવવા લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શ્રી સી.આર.પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે, આજે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે રાષ્ટ્રધ્વજ વિતરણ શરૂ થયો છે.આજે અંહીથી નાગરિકો રાષ્ટ્રધ્વજ સરળતાથી મેળવી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે સમગ્ર રાજયમાં ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યશ્રીઓ વિધાનસભા વિસ્તારમાં આશરે ૨૦ હજાર રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવાના છે. પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો આભાર માન્યો કે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત રાષ્ટ્રપ્રેમ વધશે તેમજ વિર શહિદોને દેશના સૌ નાગરિકો સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરશે.

આ કાર્યક્રમમાં પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફીયા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ડો.જયંતીભાઈ કવાડિયા, રાજયના ગૃહરાજયમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ, પ્રદેશ અનુ.જાતિ મોરચાના પ્રમુખશ્રી ડો.પ્રદ્યુમનભાઈ વાંજા, પ્રદેશ સહકાર સેલના સંયોજકશ્રી બીપીનભાઈ પટેલ(ગોતા), પ્રદેશ સહ કોષાધ્યક્ષશ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી ડો. પ્રશાંતભાઈ કોરાટ,પ્રદેશ મંત્રીશ્રી મહેશભાઈ કસવાલા, પ્રદેશ સહપ્રવકતાશ્રી ડો. રૂત્વીજ પટેલ, પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખશ્રી હિતેશભાઈ પટેલ, પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખશ્રી ડો.દિપીકાબેન સરડવા અને ગાંધીનગર મહાનગર,કર્ણાવતી મહાનગરના કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

# દાંતીવાડા ડેમમાં આવેલા કૂવામાંથી યુવકનો મૃતદેહ મળતાં ચકચાર



ન્યુઝ ઓફ ગાંધીનગર
બનાસકાંઠા સમાચાર

ડીસા, દાંતીવાડા ડેમના અંદરના ભાગે બનાવામાં આવેલા કૂવામાં શનિવારના દિવસે યુવાનનો મૃતદેહ હોવાનું જાણવા મળતા પોલીસે મૃતદેહ બહાર કાઢી પીએમ અર્થે ખસેડયો હતો. દાંતીવાડા ડેમના અંદરના ભાગે આવેલા એક કૂવામા બહારના ભાગે કપડા પડેલા હોવાનું અને કોઈ યુવક કૂવામા પાડયો હોવાનું ડેમમાં પશુઓ ચારી રહેલા કેટલાક લોકોને જણાતા તેમણે બનાવ બાબતે સ્થાનિક દાંતીવાડા પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતા દાંતીવાડા પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ ડી ચૌધરી

સ્ટાફ સાથે બનાવની જગ્યાએ પહોંચ્યા હતા અનુકેટલાક તરવૈયાઓની મદદ લઈ યુવકના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢી પાંથાવાડા સીએચસી ખાતે પીએમ અર્થે ખસેડયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક દાંતીવાડા તાલુકાના રામસિડા ગામનો વતની ચંદુભાઈ મકવાણા હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે પોલીસની આગળની વધુ તપાસ યથાવત છે.

# રાજ્યમાં શહેરી વિકાસને વધુ વેગવંતો બનાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં શહેરી વિકાસને વધુ વ્યાપક અને વેગવંતો બનાવતાં અમદાવાદ, સુરત અને ભાવનગર મહાનગરો સહિત કુલ ૭ ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આ જે ૭ ટાઉન પ્લાનીંગ સ્કીમને મંજૂરી આપી છે તેમાં સુરતની ૪ પ્રિલીમીનરી ટી.પી, અમદાવાદની અને ભાવનગરની ૧-૧ પ્રિલીમીનરી ટી.પી તેમજ બાવળાની ૧ ડ્રાફ્ટ ટી.પી નો સમાવેશ થાય છે શ્રી ભૂપેન્દ્ર પટેલે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રારંભિક ટી.પી સ્કીમ નં. ૨૭ ભટાર-મજૂરા, સ્કીમ નં.૫૧ ડભોલી, સ્કીમ નં. ૫૦ વેડ-કતારગામ અને સુરત શહેરી વિકાસ સત્તામંડળ-સુડાની પ્રારંભિક ટી.પી સ્કીમ નં. ૮૫ સરથાણા-પાસોદરા-લાસકાણાની મંજૂરી આપી છે. સુરત મહાનગરપાલિકાની આ ૩ પ્રારંભિક ટી.પી સ્કીમ મંજૂર થવાના પરિણામે બાગ-બગીચા, રમત-ગમતના મેદાન માટે કુલ ૮.૯૪ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે. એટલું જ નહિ, જાહેર સુવિધાના કામો માટે ૧૬.૯૬ હેક્ટર્સ જમીન ઉપલબ્ધ થશે આર્થિક રીતે નબળા વર્ગના ઈડબ્લ્યુએસ આવાસોના નિર્માણ માટે ૮.૫૮ હેક્ટર્સ જમીન પર ૭૬૦૦ આવાસોનું નિર્માણ થઈ શકશે. સુરત શહેરી વિકાસ સત્તામંડળ-સુડાની પ્રિલીમીનરી ટી.પી સ્કીમ ૮૫ સરથાણા-પાસોદરા-લાસકણા મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરી છે તેના કારણે જાહેર સુવિધાના કામો માટે ૯.૨૫ હેક્ટર્સ, બાગ-બગીચા, રમત-ગમત મેદાનો જેવી સગવડ માટે ૬.૬૯ હેક્ટર્સ તેમજ ૫૧૦૦ ઈડબ્લ્યુએસ આવાસો નિર્માણ થાય તે હેતુસર ૫.૭૨ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થવાની છે આંતરમાળખાકીય સુવિધાઓના ખર્ચને પહોચી વળવા વેચાણ માટે અંદાજે ૧.૭૩ હેક્ટર્સ મળી સુડાની આ સ્કીમમાં અંદાજે કુલ ૨૩.૪૧ હેક્ટર્સ જમીન અને સુરત મહાનગરની ૩ પ્રારંભિક ટી.પી સ્કીમમાં કુલ ૪૧.૦૮ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે.

સુરત મહાનગરની ત્રણ પ્રારંભિક ટી.પી સ્કીમ સ્કીમ નં-૫૧ ડભોલી સ્કીમ નં-૨૭, ભટાર-મજૂરા અને સ્કીમ નં. ૫૦ વેડ કતારગામ ત્રણેયમાં આંતરમાળખાકીય સુવિધાના ખર્ચને પહોચી વળવા વેચાણના હેતુસર કુલ મળીને ૬.૮૪ હેક્ટર્સ જમીન ઉપલબ્ધ થવાની છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં જે ટી.પી સ્કીમ મંજૂર કરી છે તે અન્વયે અમદાવાદ મહાનગરપાલિકાની પ્રિલીમીનરી ટી.પી સ્કીમ ૮૧ લાંભા-લક્ષ્મીપૂરા-૧ માં કુલ ૧૯.૬૮ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે. આ પ્રિલીમીનરી ટી.પી સ્કીમમાં આંતરમાળખાકીય સુવિધાઓના ખર્ચને પહોચી વળવા વેચાણ માટે અંદાજે ૮.૦૫ હેક્ટર્સ જમીન મળશે. આ ઉપરાંત બાગ-બગીચા તેમજ રમત-ગમતના મેદાન માટે ૩.૧૨ હેક્ટર્સ અને સામાજિક, આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે અંદાજે ૨૭૦૦ આવાસોના નિર્માણ માટે ૩.૦૧ હેક્ટર્સ જમીન મળશે. ભાવનગર મહાનગરપાલિકાની પ્રિલીમીનરી ટી.પી સ્કીમ ૭ અધેવાડાને પણ શ્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરી આપી છે.

આ સ્કીમ મંજૂર થવાના કારણે કુલ ૧૧.૩૨ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે અને બાગ-બગીચા, રમત-ગમત મેદાન તથા ખૂલ્લી જગ્યા માટે ૧.૫૭ હેક્ટર્સ, જાહેર સુવિધા માટે ૨.૮૧ હેક્ટર્સ તેમજ આંતરમાળખાકીય સુવિધાઓના ખર્ચને પહોચી વળવા વેચાણના હેતુ માટે ૪.૫૭ હેક્ટર્સ જમીન મળશે. આ ઉપરાંત ભાવનગરની આ પ્રિલીમીનરી ટી.પી નં.૭ અધેવાડામાં ૨.૯૪ હેક્ટર્સ જમીન પર ૨૬૦૦ ઈડબ્લ્યુએસ આવાસોના બાંધકામ માટે પણ જમીન મળશે. મુખ્યમંત્રીશ્રીએ આ ત્રણ મહાનગરો ઉપરાંત અમદાવાદ જિલ્લાની બાવળા નગરપાલિકાની ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નં.૪ (બાવળા)ને પણ મંજૂરી આપી છે. આ સ્કીમમાં કુલ ૫૪.૮૮ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થવાની છે બાવળાની ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નં. ૪ માં આંતરમાળખાકીય સુવિધાઓના ખર્ચને પહોચી વળવા વેચાણના હેતુસર ૨૫.૬૪ હેક્ટર્સ, ખૂલ્લા મેદાનો-બાગ બગીચા માટે ૭.૮૧ હેક્ટર્સ, જાહેર સુવિધા માટે ૧૧.૨૬ હેક્ટર્સ તથા ૮ હજાર જેટલા ઈડબ્લ્યુએસ આવાસો માટે ૮.૯૫ હેક્ટર્સ જમીન ઉપલબ્ધ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ટી.પી સ્કીમ ગુજરાત ટી.પી સ્કીમ એક્ટ ૧૯૭૬ અન્વયે બનાવવામાં આવે છે. આ લેન્ડ પુલીંગ મેથડમાં બધાજ જમીન માલિકોની જમીન એકત્ર કરીને સામાન્ય રીતે ૪૦ ટકા જમીન કપાતમાં લઈ ૬૦ ટકા જમીન માલિકને પરત આપવામાં આવે છે. જે ૪૦ ટકા જમીન સંબંધિત સત્તામંડળ એટલેકે મહાનગર પાલિકા કે શહેરી વિકાસ સત્તા મંડળોને સંપ્રાપ્ત થાય તે જમીનમાં રોડ-રસ્તા, બગીચા, મેદાન, ઈડબ્લ્યુએસ આવાસો, નેબરહૂડ સેન્ટર તેમજ આરોગ્ય અને શૈક્ષણિક હેતુની સુવિધાઓ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આવી ટી.પી સ્કીમ લોકોની સહમતિ અને જનભાગીદારીથી બનાવવામાં આવે છે

સીએમપીઆરઓ/અરૂણ...



આનંદ નિકેતન સીલજ માં ધોરણ ૪ માં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઠક્કર અનંસ રાજેશભાઈ એ તાજેતરમાં યોજાયેલ નેશનલ કલ્બ ચેમ્પિયન શિપ અમદાવાદ ૨૦૨૨ માં કયુબ સ્પર્ધા યોજાઈ તેમાં ગોલ્ડ મેડલ મેળવી શાળા નું ગૌરવ વધારેલ છે

# સ્વાંતત્ર્ય પર્વની ઉજવણીના આયોજન અર્થે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

ગાંધીનગરઃ સોમવારઃ

ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કલોલ ખાતે કરવામાં આવશે. જિલ્લા પ્રભારી અને ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપશે. કલોલ ખાતે યોજાનારા જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના સુચારુ આયોજન અર્થે આજે જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અઘ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી.

આ બેઠકના આરંભે જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ આઝાદીના ૭૫મા વર્ષે યોજાનાર સ્વાતંત્ર્ય પર્વ જિલ્લા અને કલોલવાસીઓ માટે યાદગાર બની રહે તે રીતે ઉજવવા ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના સ્થળ, મહાનુભાવો, આમંત્રિત મહેમાનો અને સ્થાનિક નાગરિકોની બેઠક વ્યવસ્થાની વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમજ આવનાર તમામ નાગરિકો સુગમતાથી ધ્વજવંદન, પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી શકે તે રીતે વ્યવસ્થા કરવા સંબંધિત અધિકારીને સૂચના આપી હતી.

સ્વાતંત્ર્ય પર્વ – રાષ્ટ્રીય પર્વ હોવાથી નાગરિકો ઉત્સાહભેર સહભાગી બને તેવો માહોલ સર્જાવા કલેકટરશ્રીએ સ્થાનિક તંત્રને ખાસ સૂચન કર્યું હતું. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે યોજાનાર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની પણ તેમણે સમીક્ષા કરી હતી. જિલ્લામાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર નાગરિકો, અધિકારી- કર્મચારીઓ અને ખેલાડીઓના સન્માનની યાદીની પણ સમીક્ષા કરાઈ હતી.

તા. ૧૫મી ઓગસ્ટના રોજ કલોલ ખાતે યોજાનાર રાષ્ટ્રીય પર્વની ઉજવણીનું રિહર્સલ તા. ૧૩મી ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે યોજાશે.

આજે યોજાયેલ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌતમ,નિવાસી અધિક કલેકટર શ્રી રીતુ સિંગ, પ્રાંત અધિકારી, કલોલ શ્રી કિશ્નાબા વાઘેલાસહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



પાટણ જિલ્લાની સાતલપુર તાલુકા ની સાંતલપુર પ્રાથમિક શાળામાં બી.આર.સી કો સાંમતભાઈ આહીરના માર્ગદર્શન હેઠળ આઝાદીના અમૃત મહોત્સવ કાર્યક્રમના ભાગરૂપે હર ઘર તિરંગા કલાઉત્સવ ૨૦૨૨માં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં દરેક સ્પર્ધામાં પ્રથમ નંબરને ૩૦૦ દ્વિતીય નંબર ને ૨૦૦ રૂપિયા અને તૃતીય નંબર ને ?૧૦૦ રોકડ ઈનામ તથા ભાગ લેનાર તમામ બાળકોને પ્રમાણપત્ર , પેડ, બોલપેન આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સી.આર.સી વિજયભાઈ દરજી , સાતલપુર પ્રાથમિક શાળાના આચાર્ય વસંતભાઈ પટેલ, તથા લાસુ બેન રબારી, અલ્પેશભાઈ પટેલ, પ્રતિકભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ . આ સંપૂર્ણ કાર્યક્રમનું સફળ આયોજન સી.આર.સી વિજયભાઈ દરજી તથા પ્રતિકભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સીઆરસી શ્રી વિજયભાઈ દરજી એ ખૂબ ઉત્સાહી મહેનતુ અને કર્મનિષ્ઠ છે શિક્ષણ જગતમાં અવનવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં રહેલી ક્ષમતાઓને વિકસાવવામાં તેઓ કુશળ છે

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં યોજાઈ તિરંગાયાત્રા



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ×આઝાદી કા અમૃત મહોત્સવ× અંતર્ગત પોતાના મતવિસ્તાર ઘાટલોડિયામાં આજે યોજાયેલી તિરંગા યાત્રાનો ફલેગ ઓફ કરાવીને પ્રારંભ કરાવ્યો હતો. જ્ઞાનદા ગર્લ્સ હાઈસ્કુલ દ્વારા આયોજિત આ તિરંગા યાત્રામાં શાળાની વિદ્યાર્થીનીઓએ શહેરમાં સૌપ્રથમવાર ૧૫૫૧ ફૂટ લાંબા તિરંગા સાથે યાત્રા યોજી હતી.

ઘાટલોડિયાના કે.કે.નગર પાસે ઉમિયા હોલ થી પ્રભાતચોક સુધીના ગૌરવપથ પર યોજાયેલી તિરંગા યાત્રામાં કુલ ૩૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને તિરંગાનું ગૌરવ વધાર્યું હતું. આ યાત્રામાં વિશાળ તિરંગા સહિત રાષ્ટ્રપ્રેમની ઝાંખી કરાવતી વેશભૂષા, શારીરિક વ્યાયામ અને અંગ કસરત પ્રદર્શનો, સંગીત-નૃત્યો તેમજ દેશપ્રેમની ભાવના દર્શાવતા બેનરો અને પોસ્ટરો સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે અમદાવાદ ગ્રામ્યના જિલ્લા શિક્ષણાધિકારી આર.આર.વ્યાસ, ભાજપા શહેર પ્રમુખ શ્રી અમિત શાહ અને સહ કોષાધ્યક્ષ શ્રી ધર્મેન્દ્ર શાહ, સહપ્રવકતા ડૉ. ઋત્વિજ પટેલ તેમજ કોર્પોરેટરો, અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'નારી વંદન ઉત્સવ, જિલ્લો ડાંગ' ડાંગ જિલ્લામા યોજાયો 'મહિલા કલ્યાણ દિવસ'



આહવાઃ તાઃ ૮:'નારી વંદન ઉત્સવ' કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લામાતારીખ ૬ઠ્ઠી ઓગસ્ટના ના રોજ 'મહિલા કલ્યાણ દિવસ' યોજાઈ ગયો.

આ વેળા આહવાની સાયન્સ કોલેજ ખાતે મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મહિલા જાગૃતિ શિબિરનુ આયોજન કરાયુ હતુ. જેમા કાર્યક્રમના અધ્યક્ષતરીકે જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી નીલમબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સરકારશ્રીની વિવિધ યોજનાઓ દ્વારા મહિલાઓના થઈ રહેલા ઉત્કર્ષની વિગતો આપી હતી.

આ અવસરે દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી એસ.ડી.સોરઠીયા દ્વારા કાર્યક્રમમા મહિલાલક્ષી ચાલતા વિવિધ સેન્ટરો વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવા સાથે, મહિલાલક્ષી યોજનાકીય માર્ગદર્શન પૂરુપડાયુ હતુ. દરમિયાન ૧૮૧-અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા ડેમોન્ટ્રે શન એપ્લિકેશન ડાઉનલોડ કરવામા આવી હતી. આ કાર્યક્રમમાપોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર, સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક, મહિલા શક્તિ કેન્દ્રના કર્મચારીઓ, નારી અદાલતના કર્મચારીઓ, જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રના કર્મચારીઓ,તેમજ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ સહભાગી બની કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.કાર્યક્રમના ભાગરૂપે મહાનુભાવો દ્વારા વ્હાલી દિકરી યોજનાના લાભાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામા આવ્યા હતા. તો સાયન્સ કોલેજની ટોપર વિદ્યાર્થીણીઓનુ પણ મહાનુભવો દ્વારા સન્માન કરવામા આવ્યુ હતુ. સૌ ઉપસ્થિતોએ બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત શપથ પણ ગ્રહણ કર્યા હતા.

નરેન્દ્ર પવાર
ડાંગ

# સૌરાષ્ટ્ર યુનિ.માં કૌભાંડના આક્ષેપ, કાવ્ય મહાકુંભ કાર્યક્રમમાં મોટું કૌભાંડ થયું

રાજકોટ,તા.૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. નિદત બારોટએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વધુ એક કૌભાંડ થયા હોવાનો આક્ષેપ કર્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના રૂપિયા ૩.૩૦ લાખના ખર્ચે કાવ્ય મહાકુંભ કાર્યક્રમ યોજીને વાહવાહી લૂંટી હોવાનું તેઓ જણાવ્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી નો કાવ્ય મહાકુંભ શૈક્ષણિક સંઘએ હાઈજેક કર્યો છે જે એક પ્રકાર ની ગેરરીતિ છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘના આગેવાનો પોતાના રાજકીય જશ અને પોતાના માટે નાણા એકત્ર કરવા ની ભાવના સાથે કાવ્ય મહાકુંભ યોજાયો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના સતાધિશો ને આ કાર્યક્રમ ના ખર્ચા વિશે કોઈ જાન નથી. આ કાર્યક્રમ યોજમાં માટે સાહિત્ય અકાદમી, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સંલગ્ન જુદી જુદી કોલેજો સહિત ની સંસ્થાઓમાં થી નાણાં એકત્ર કરવામાં આવ્યા છે જેનો કોઈ હિસાબ શૈક્ષણિક સંઘએ નથી આપ્યો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વધુ એક કૌભાંડ થયા હોવાનો આક્ષેપ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. નિદત બારોટએ કર્યો છે. આ કૌભાંડ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શૈક્ષણિક સંઘના આગેવાનોએ કર્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના રૂપિયા ૩.૩૦ લાખના ખર્ચે કાવ્ય મહાકુંભ કાર્યક્રમ યોજીને વાહવાહી લૂંટી હોવાનું તેઓ જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી નો કાવ્ય મહાકુંભ શૈક્ષણિક સંઘએ હાઈજેક કર્યો છે જે એક પ્રકાર ની ગેરરીતિ છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘના આગેવાનો પોતાના રાજકીય જશ અને પોતાના માટે નાણા એકત્ર કરવા ની ભાવના સાથે કાવ્ય મહાકુંભ યોજાયો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.